


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 078
Dt.: 28-11-2025, Friday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


નેશનલ ગાર્ડના બે જવાન ઘાયલ થયાં

# અમેરિકામાં વ્હાઈટ હાઉસ નજીક ગોળીબાર, શંકાસ્પદ શખ્સ પકડાયો

## આ ઘટના સ્થાનિક સમયાનુસાર બપોરે ૨:૩૦ વાગ્યે થઈ હતી, ઈજાગ્રસ્ત થયેલા નેશનલ ગાર્ડના બે સભ્યોને અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ કરાયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દુનિયાના સૌથી શક્તિશાળી દેશના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જ્યાં રહે છે, તેનાથી ફક્ત થોડા અંતર પર જ ગોળીબારની ઘટના સામે આવી છે. વોશિંગ્ટન ડીસીમાં વ્હાઈટ હાઉસથી થોડા જ દૂર ગોળીબારમાં ઓછામાં ઓછા ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાં બે નેશનલ ગાર્ડ સભ્ય પણ સામેલ છે. આ ઘટના સ્થાનિક સમયાનુસાર બપોરે 2:30 વાગ્યે થઈ હતી. ઈજાગ્રસ્ત થયેલા નેશનલ ગાર્ડના બે સભ્યોને અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. વેસ્ટ વર્જીનિયાના ગવર્નર પૈટ્રિક મૉરિસી પહેલાં એક્સ પર પોસ્ટ કરતા જણાવ્યું હતું કે, બે નેશનલ ગાર્ડના સભ્યોના મોત થઈ ચુક્યા છે. જોકે, તેમણે પોતાની પોસ્ટ બાદમાં ડિલિટ કરી દીધી.

મેટ્રોપૉલિટન પોલીસ વિભાગે જણાવ્યું કે, ગોળીબાર વ્હાઈટ હાઉસની પાસે થયો છે. ઘટનાની તુરંત બાદ વિસ્તારમાં ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે. અસૉલ્ટ રાઈફલથી સજ્જ અધિકારી અનેક બ્લૉક્સમાં ફેલાઈ ગયા અને આખો વિસ્તાર સીલબંધ કરી દેવામાં આવ્યો. રસ્તા બંધ કરી દેવાયા, અનેક પોલીસ ગાડીઓ અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ ટીમ સક્રિય થઈ ગઈ. ત્યાં હાજર લોકોના જણાવ્યાનુસાર, અમુક જ મિનિટોમાં સુરક્ષાનો એક મોટો ઘેરો બનાવી દેવાયો અને કોઈને પણ પાસે જવાની મંજૂરી નહતી. FBIની વોશિંગ્ટન ફીલ્ડ ઓફિસે કહ્યું કે, વોશિંગ્ટન ડીસીમાં બે નેશનલ ગાર્ડ સભ્યો પર થયેલી ફાયરિંગની તપાસ માટે સ્થાનિક કાયદાનું અમલ કરાવતી એજન્સીઓ સાથે મળીને કામ કરી રહ્યા છે.

તપાસ શરૂ હોવાના કારણે હાલ કોઈ વધુ માહિતી શેર કરી શકાશે નહીં. જોકે, અધિકારીઓએ હજું સુધી એ નથી જણાવ્યું કે, ફાયરિંગ કેમ થઈ? આટલા મહત્ત્વપૂર્ણ સ્થળે ગોળીબાર થવો એક ગંભીર બાબત છે. તેથી, તપાસ એજન્સી કોઈપણ જાણકારીને ઉતાવળમાં જાહેર નથી કરી રહી.જણાવવામાં આવી રહ્યું છે કે, આરોપી અફઘાનિસ્તાનનો નાગરિક છે.

શંકાસ્પદનું નામ રહેમાનુલ્લાહ લાકનવાલ જણાવવામાં આવી રહ્યું છે. શરૂઆતી તપાસમાં સામે આવી રહ્યું છે, 2021માં USCIS (યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ)એ અફઘાન નાગરિકો માટે 'ઓપરેશન અલાઈઝ વેલકમ' હેઠળ અસાઈલમ (શરણ) અરજી પ્રક્રિયા તેજ કરવામાં આવી હતી અને લાકનવાલે પણ આ પ્રોગ્રામનો ઉપયોગ કરીને અમેરિકામાં પ્રવેશ કર્યો હતો. વળી, આ મામલે FBI આતંકી હુમલાની તપાસ કરશે. નેશનલ ગાર્ડના બે જવાનો પર ગોળીબાર કરનારની ઓળખ કરી લેવાઈ છે. એજન્સી અનુસાર, હુમલો કરનારા વોશિંગ્ટન વિસ્તારના નિવાસી નથી. હાલ, હુમલાખોરોની ધરપકડ કરી દેવાઈ છે અને તેમની પૂછપરછ શરૂ છે. અધિકારી ઘટનાનો હેતુ તપાસી રહ્યા છે. વ્હાઈટ હાઉસના પ્રવક્તા કેરોલાઈન લિવિટે જણાવ્યું કે, 'પ્રમુખને આ વિશે જાણકારી આપવામાં આવી છે.' ડોનાલ્ડ ટ્રમ્પ હાલ થેંક્સગિવિંગ રજાના પહેલાં પામ બીચ સ્થિત પોતાના રિઝોર્ટમાં છે. વળી, અમેરિકાના ઉપપ્રમુખ જે.ડી વેન્સે આ સમયે કેંટકીમાં હાજર છે. ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર લખ્યું કે, જે વ્યક્તિએ બે નેશનલ ગાર્ડ જવાનો પર ગોળી ચલાવી, તેનાથી બંને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે અને અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ છે. તે ખુદ પણ ઈજાગ્રસ્ત છે. પરંતુ, જેણે પણ આ હરકત કરી છે તેને આની ભારે કિંમત ચૂકવવી પડશે. આપણા મહાન નેશનલ ગાર્ડ, સેના અને તમામ કાયદો લાગુ કરાવનારી એજન્સીઓને મારી સલામ. આ ખરેખર અદ્ભૂત લોકો છે. હું અમેરિકાનો પ્રમુખ તરીકે અને પ્રમુખ કાર્યાલય સાથે જોડાયેલા તમામ લોકો તમારી સાથે ઊભા છે.'

UN રિપોર્ટમાં ઘટસ્ફોટ

# ગામડાં ખાલી થઈ રહ્યા છે, દુનિયાની ૮૦% વસતીની શહેરો તરફ દોટ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

વિશ્વની માનવ વસ્તીના વિતરણમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર (UN)ના તાજેતરના રિપોર્ટમાં ઘટસ્ફોટ થયો છે કે વિશ્વની ૮૦ ટકાથી વધુ વસ્તી હવે શહેરોમાં રહે છે, જ્યારે ગ્રામીણ વિસ્તારો ખાલી થઈ રહ્યા છે. આ આંકડો વૈશ્વિક વસ્તીના વિતરણને ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યો છે અને માનવ સંસ્કૃતિના કેન્દ્રો હવે સંપૂર્ણપણે શહેરી વિસ્તારો બની ગયા છે.અમેરિકાના "વર્લ્ડ અર્બનાઈઝેશન પ્રોસ્પેક્ટ્સ ૨૦૨૫" રિપોર્ટ અનુસાર, આજે વિશ્વની લગભગ મોટા ભાગની વસ્તી શહેરો અને નગરોમાં રહે છે. ૨૦૧૮માં આ આંકડો ફક્ત ૫૫ ટકા હતો, એટલે કે સાત વર્ષમાં શહેરી વસ્તીમાં ભારે વધારો થયો છે. ૪૫% લોકો શહેરોમાં અને ૩૬% ગામડાઓમાં રહે છે. આ રિપોર્ટ પેટ્રિક ગેરલેન્ડના નેતૃત્વ હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો, જેમણે ઘણાં સંશોધકોએ સાથે સહયોગ કર્યો હતો. અમેરિકાના "વર્લ્ડ અર્બનાઈઝેશન પ્રોસ્પેક્ટ્સ ૨૦૨૫" રિપોર્ટ અનુસાર, વિશ્વની વસ્તી શહેરો અને નગરોમાં રહેવા માટે આક્રમક રીતે સ્થળાંતર કરી રહી છે. વર્ષ ૨૦૧૮માં આ આંકડો ફક્ત ૫૫ ટકા હતો, એટલે કે સાત વર્ષમાં શહેરી વસ્તીમાં ભારે વધારો થયો છે. ૪૫ ટકા લોકો શહેરોમાં અને ૩૬ ટકા ગામડાઓમાં રહે છે. આ રિપોર્ટ પેટ્રિક ગેરલેન્ડના નેતૃત્વ હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો, જેમણે ઘણાં સંશોધકોએ સાથે સહયોગ કર્યો હતો. રિપોર્ટ અનુસાર, ૨૦૫૦ સુધીમાં વિશ્વની ૮૩ ટકા વસ્તી શહેરોમાં રહેશે. આનો અર્થ એ છે કે આગામી વર્ષોમાં, શહેરો વિસ્તરશે અને ગામડાઓ વધુ ઉજ્જડ બનશે. પૂર્વી અને દક્ષિણ એશિયામાં, ખાસ કરીને ભારત જેવા દેશોમાં, લોકો ગામડા છોડીને મુખ્યત્વે સારું શિક્ષણ, નોકરી અથવા સારું સામાજિક જીવન મેળવવા માટે શહેરોમાં સ્થળાંતર કરી રહ્યા છે. યુએનના રિપોર્ટમાં વિશ્વના વિવિધ ભાગોમાં શહેરીકરણ પાછળના મુખ્ય કારણો રજૂ કરાયા છે. એશિયા (ખાસ કરીને ભારત) લોકો ગામડાં છોડીને મુખ્યત્વે સારી શિક્ષણ, નોકરીની તકો અને સારું સામાજિક જીવન મેળવવા માટે શહેરોમાં સ્થળાંતર કરી રહ્યા છે. યુરોપ અને ઉત્તર અમેરિકા જેવા વિકસિત પ્રદેશોમાં શહેરીકરણ મુખ્યત્વે અન્ય દેશોમાંથી આવતા લોકોના ધસારા (આંતરરાષ્ટ્રીય સ્થળાંતર)ને કારણે થઈ રહ્યું છે. જ્યારે આફ્રિકામાં શહેરીકરણ મુખ્યત્વે ઉચ્ચ જન્મ દરને કારણે થાય છે, જ્યાં વસ્તી ઝડપથી વધી રહી છે.શહેરીકરણ માત્ર વસ્તી વૃદ્ધિ જ નહીં પરંતુ લોકોના સ્વાસ્થ્ય પર પણ અસર કરી રહ્યું છે. કિંગ્સ કોલેજ લંડનના નિષ્ણાત એન્ડ્રીયા મેચેલીના મતે, શહેરોમાં વાયુ પ્રદૂષણ અને વધતી ગરમી લોકોને બીમાર બનાવી રહી છે. આનાથી હ્રદય રોગ અને અલ્ઝાઈમર જેવા રોગોનું જોખમ વધે છે. વધુમાં ઘણાં શહેરી વિસ્તારોમાં ઉદ્યાનો અને લીલી જગ્યાઓનો અભાવ છે. ઉલ્લેખનીય છે કે, આ રિપોર્ટ વૈશ્વિક નીતિ નિર્માતાઓ માટે એક ચેતવણી સમાન છે કે જો શહેરો પરનું ભારણ આ રીતે વધતું રહ્યું, તો માળખાકીય અને સ્વાસ્થ્ય સંબંધિત પડકારો ઉભા થઈ શકે છે.

# ગુજરાત સહિત ૧૦ રાજ્યોમાં ૧૫ સ્થળોએ ઈડીની કાર્યવાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ ગુરુવારે મેડિકલ કોલેજો અને સરકારી અધિકારીઓ સાથે સંકળાયેલા એક મોટા લાંચકાંડના સંબંધમાં દેશવ્યાપી કાર્યવાહી હાથ ધરી છે. EDની ટીમોએ ગુજરાત, આંધ્રપ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, બિહાર, ઉત્તરપ્રદેશ અને દિલ્હી એમ કુલ ૧૦ રાજ્યોમાં ૧૫ સ્થળોએ દરોડા પાડ્યા છે, જેના કારણે મેડિકલ શિક્ષણ ક્ષેત્રમાં ખળભળાટ મચી ગયો છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, EDની આ કાર્યવાહી સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) દ્વારા ૩૦ જૂન, ૨૦૨૫ના રોજ દાખલ કરવામાં આવેલી એફઆઈઆર (FIR) પર આધારિત છે. આ FIRમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, કેટલીક મેડિકલ કોલેજો દ્વારા સરકારી અધિકારીઓને મોટી લાંચ આપવામાં આવી હતી. જેમાં નેશનલ મેડિકલ કમિશન (NMC)ના અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. આ લાંચ કોલેજોના ઈન્સ્પેક્શન સંબંધિત ગુપ્ત માહિતી મેળવવા માટે આપવામાં આવી હતી. આરોપ છે કે આ ગુપ્ત માહિતી કોલેજોના મુખ્ય સંચાલકો અને વચેટિયાઓને પહોંચાડવામાં આવતી હતી. આ માહિતીનો ઉપયોગ કરીને, આરોપીઓ ઈન્સ્પેક્શનના માપદંડોમાં છેડછાડ કરી શકતા હતા અને ત્યારબાદ તેમની મેડિકલ કોલેજોમાં શૈક્ષણિક અભ્યાસક્રમો ચલાવવા માટે સરળતાથી મંજૂરી મેળવી લેતા હતા. આ કૌભાંડ દેશના શૈક્ષણિક સંસ્થાઓને મંજૂરી આપવાની પ્રક્રિયામાં રહેલી ગંભીર ખામીઓ અને ભ્રષ્ટાચારને ઉજાગર કરે છે, જેનાથી દેશમાં મેડિકલ શિક્ષણની ગુણવત્તા પર પણ ગંભીર સવાલો ઉભા થયા છે. ED દ્વારા હાથ ધરાયેલા આ સર્ચ ઓપરેશનમાં વિવિધ રાજ્યોમાં આવેલી સાત મેડિકલ કોલેજોના પરિસરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, CBIની FIRમાં જે ખાનગી વ્યક્તિઓ (વચેટિયાઓ)ના નામ છે, તેમના પરિસરો પર પણ દરોડા પાડવામાં આવી રહ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે આ વ્યક્તિઓએ લાંચના વ્યવહારો પાર પાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. EDની આ કાર્યવાહી મેડિકલ શિક્ષણ ક્ષેત્રમાં ફેલાયેલા ભ્રષ્ટાચાર પર મોટી તવાઈનો એક ભાગ છે, જેનો હેતુ ગેરકાયદેસર નાણાંના પ્રવાહને ઉજાગર કરવાનો અને કોલેજ સંચાલકોથી લઈને સરકારી અધિકારીઓ સુધીના સંપૂર્ણ નેટવર્કનો પર્દાફાશ કરવાનો છે.

આ નંબર ૧.૧૭ કરોડમાં વેચાયો

# હરિયાણામાં ચાલતો વીઆઈપી નંબરના કલ્ચરમાં વધુ એક નંબર ઉમેરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

ભારતમાં લોકોને અલગ અલગ પ્રકારના શોખ હોયે છે જેમાં કોઈ ને ફરવાનું ગમે, તો કોઈ ને મોટા ઘર બંગલા કે લક્ઝરી કારનો શોખ હોયએ છે તેમજ કારના ચોઈસ નંબરના માટે ઘણા લોકો શોખીન હોયે છે. અત્યરે હરિયાણા ટ્રેન્ડમાં છે જ્યાં એક હફતા પહેલા જ HR22W2222 નંબર ૩૭.૯૧લાખ રૂપિયામાં વેચાયો હતો, અત્યરે તાજેતરમાં હરિયાણાના સોનીપતમાં HR88B8888 નંબર ૧.૧૭ કરોડમાં રૂપિયા વેચાયો છે.

હરિયાણા RTO માં VIP નંબર માટે બિડિંગનો સમય સવારે ૧૦ વાગે થી લઈ ને સાંજ ના ૫ વાગ્યા સુધી હોયે છે જેમાં આ નંબર માટે ૪૫ લોકો એ આવેદન કર્યું હતું અને મંગળવારની સાંજે બિડિંગ પૂરા થતાં આ નંબર ની કિમત ૧.૧૭ કરોડ રૂપિયા પહોંચી ગઈ હતી. હરાજીના હવાલાવાળા અધિકારીઓના

### હાલ જ સોનીપતમાં VIP નંબર ૧.૧૭ કરોડ રૂપિયામાં વેચાયું છેઃ ખરીદનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવી

જણાવ્યા અનુસાર, આ નંબર હજુ સુધી ખરીદવામાં આવ્યો નથી. બોલી લગાવનાર વ્યક્તિએ આગામી પાંચ દિવસમાં સંપૂર્ણ રકમ જમા કરાવવી પડશે તો જ આ નંબર બ્લોક થશે. આ ફેન્સી VIP નંબર સોનીપતના કુંડલી વિસ્તારનો છે, અને તેને બ્લોક કર્યા પછી, વાહન ત્યાં રજીસ્ટર કરવામાં આવશે. આ સંખ્યા ખૂબ જ ખાસ માનવામાં આવે છે કારણ કે તેમાં ચાર વખત '૮' અક્ષર છે. '૮૮૮૮' શ્રેણી હંમેશા સંખ્યા પ્રેમીઓમાં ખૂબ માંગમાં રહી છે. બોલી લગાવનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે બોલી લગાવનારની ઓળખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. નિયમો હેઠળ, બોલી લગાવવાની પ્રક્રિયા પૂર્ણ થયા પછી જ ઔપચારિકતાઓની જાહેરાત કરવામાં આવશે. જો બોલી લગાવનાર રકમ જમા ન કરાવે, તો નંબર ફરીથી હરાજી માટે ઉપલબ્ધ કરાવી શકાય છે. અધિકારીઓનો એવો પણ દાવો છે કે ભારતમાં ક્યારેય કોઈ VIP નંબરને આટલી ઊંચી બોલી લાગી નથી. અગાઉ પણ હરિયાણાના અનેક જિલ્લાઓમાં ઊંચી બોલી લગાવવાના કિસ્સાઓ નોંધાયા હતા, પરંતુ સોનીપતના આ આંકડાએ તે બધા રેકોર્ડને વટાવી દીધા છે. વાહન માલિકોમાં આકર્ષક અને ફેન્સી નંબરોનો ક્રેઝ સતત વધી રહ્યો છે. '૦૦૦૧', '૯૯૯૯', '૭૭૭૭' અને '૮૮૮૮' જેવી શ્રેણીઓ સૌથી વધુ લોકપ્રિય છે. ત્યાંજ કેરળમાં KL07DG0007 નંબર ૪૫.૯૯ લાખમાં વેચાયો છે અને ચંડીગઢ માં CH01DA0001 નંબર ૩૬.૪૩ લાખમાં વેચાયો હતો. નિષ્ણાતોના મતે, જે ખરીદદારો આ નંબરોને શુભ માને છે તેઓ ઊંચી કિંમત ચૂકવવા તૈયાર હોય છે.

SIRનો વિરોધ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટનો સવાલ

# આધાર કાર્ડના આધારે ઘૂસણખોરોને પણ નાગરિકતા આપી દઈએ?

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે SIR પરની સુનાવણી દરમિયાન એક મહત્ત્વનો સવાલ ઉઠાવ્યો કે, શું ઘૂસણખોર વ્યક્તિને માત્ર આધાર કાર્ડના આધારે મત આપવાનો અધિકાર આપી શકાય? કોર્ટે સ્પષ્ટ કર્યું કે આધાર કાર્ડ કાયદેસર દસ્તાવેજ છે, જે ખાસ કાયદા હેઠળ સરકારી સુવિધાઓ (જેમ કે સબસિડીવાળું રાશન) માટે અપાય છે પરંતુ શું તેનાથી મતદાર બનાવવાનો હક મળે?

CJI જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જે. બાગચીની બેન્ચે ૨૬ નવેમ્બરના રોજ SIRની બંધારણીય માન્યતા પર સુનાવણી કરી. આ અરજી પશ્ચિમ બંગાળ, કેરળ અને તમિલનાડુ જેવા રાજ્યો તરફથી દાખલ કરાઈ છે. બુધવારે કેસની સુનાવણી દરમિયાન, પશ્ચિમ બંગાળ અને કેરળ રાજ્ય તરફથી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ હાજર રહ્યા હતા. તેમણે આધાર કાર્ડ હોવા છતાં લોકોને મતદાર યાદીમાંથી બાકાત રાખવાનો મુદ્દો ઉઠાવ્યો હતો.

આ મામલે CJI સૂર્યકાંતે કહ્યું, માની લો કે કેટલાક લોકો પડોશી દેશોમાંથી ભારતમાં ઘૂસી આવ્યા છે. તેઓ ભારતમાં કામ કરી રહ્યા છે, ભારતમાં રહી રહ્યા છે. કોઈ ગરીબ રિક્ષા ચલાવનાર છે, કોઈ કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂર છે. તમે તેને આધાર કાર્ડ આપો છો, જેથી તે સબસિડીવાળું રાશન કે અન્ય કોઈ યોજનાનો લાભ લઈ શકે. આ આપણા બંધારણીય મૂલ્યોનો ભાગ છે, આપણી બંધારણીય નૈતિકતા છે. પરંતુ શું આનો અર્થ એવો થાય છે કે તેને આ લાભ આપવામાં આવ્યો છે, તો હવે તેને મતદાર પણ બનાવી દેવો જોઈએ?

આ મામલે કપિલ સિબ્બલે વધુમાં કહ્યું કે, હું એક નાગરિક છું, હું અહીં રહું છું. મારી પાસે આધાર કાર્ડ છે, તે મારું ઘર છે. જો તમે તેને છીનવવા માંગતા હો, તો એક નિર્ધારિત પ્રક્રિયા દ્વારા છીનવો અને તે પ્રક્રિયા તમારી સમક્ષ નક્કી થવી જોઈએ. આના પર CJIએ બિહાર SIRનું ઉદાહરણ આપતા કહ્યું કે, બિહારમાં ખૂબ ઓછી તકલીફ પડી હતી. જો એવા ઉદાહરણો હોય, જ્યાં કોઈ વ્યક્તિ ખરેખર નિવાસી હોય, ભારતનો નાગરિક હોય અને તેને બહાર રાખવામાં આવ્યો હોય, તો અમે આતુરતાથી તે ઉદાહરણોની શોધમાં છીએ. જેથી અમે પ્રક્રિયાની ભૂલને સુધારી શકીએ.

સિબ્બલે સવાલ ઉઠાવ્યો કે, જો કોઈ મતદાર મતદાનના દિવસે પોલિંગ બૂથ પર જાય અને તેને ખબર પડે કે તેનું નામ ત્યાં નથી, તો તે શું કરશે? CJI એ કહ્યું કે, જ્યાં સુધી બિહારનો સવાલ છે, મીડિયા દરરોજ રિપોર્ટિંગ કરી રહ્યું હતું. તેનાથી દૂર-દૂરના વિસ્તારોમાં બેઠેલા લોકોને પણ ખબર હશે કે શું થઈ રહ્યું છે. ક્યારેક મીડિયાને પણ ક્રેડિટ આપવી જોઈએ. બિહાર માટે જીંઈ પર દરરોજ મીડિયા રિપોર્ટ્સ આવતા હતા. જો દૂર-દૂરના વિસ્તારમાં બેઠેલા કોઈપણ વ્યક્તિને ખબર હોય કે કંઈક થઈ રહ્યું છે, એક લિસ્ટ તૈયાર થઈ રહી છે, એક નવી મતદાર યાદી આવી રહી છે, તો શું કોઈ કહી શકે કે મને ખબર નહોતી કે શું થયું!

આ મામલે કપિલ સિબ્બલે પોતાની વાત સમજાવતા કહ્યું કે, મારો કહેવાનો અર્થ એવો નથી કે ચૂંટણી પંચ પાસે કોઈ શક્તિ નથી. હું માત્ર પ્રક્રિયાની વાત કરી રહ્યો છું, જે બધાને સાથે લઈને ચાલનારી હોવી જોઈએ. કોઈ વાત સાબિત કરવા માટે મતદાર પર ભાર નાખવાની કોઈપણ કોશિશ આપણી બંધારણીય સંસ્કૃતિની વિરુદ્ધ છે.

# વિદેશ ભાગેલાં આરોપીને પરત લાવવો દેશનો સંપૂર્ણ અધિકાર છેઃ સુપ્રીમ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે વિદેશમાં ભાગે ગયેલા આરોપીઓને લઈને મહત્વની ટિપ્પણી કરી છે. સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું કે, કાયદાથી બચવા માટે વિદેશ ભાગેલા આરોપીઓને પરત લાવવો એ દેશનો સંપૂર્ણ અધિકાર છે. સુપ્રીમ કોર્ટે દુબઈમાં રહેતા વિજય મુરલીધર ઉધવાનીની અરજી પર સુનાવણી કરવાની મનાઈ કરી દીધી. એમાં ઉધવાનીએ વકીલ મારફતે યુએઈથી પરત લાવવા માટે ભારતની વિનંતી હટાવવાની માંગ કરાઈ હતી.સુપ્રીમ કોર્ટના જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ સંદીપ મેહતાની બેન્ચે સુનાવણીમાં પિટીશનરની દલીલો માનવાનો ઈનકાર કર્યો અને કહ્યું કે જો આરોપીએ એફઆઈઆરની સંપૂર્ણ માહિતી જોઈએ છે તો તેણે ભારત આવીને મેળવવી પડશે.આરોપી ઉધનાનીના વકીલે કહ્યું કે, તેની પાસે પાસપોર્ટ નથી અને એ ભારત આવવા ઈચ્છે છે. આ મામલામાં એક સહ-આરોપીનું પોલીસ કસ્ટડીમાં મોત થઈ ચુક્યું છે, એટલા માટે ઉધવાની પોતાની સુરક્ષાને લઈને ભયભીત છે.આ સાથે વકીલે માંગ કરી હતી કે ભારત પરત આવવા પર તેને સીસીટીવીની દેખરેખ (કસ્ટડી)માં રાખવામાં આવે. જોકે, બેન્ચે તમામ દલીલો પર વિચાર કરવાનો ઈનકાર કર્યો અને કહ્યું કે અધિકારીઓ તેને ભારત પરત લાવવાં સક્ષમ છે. ત્યાર પછી વકીલેએ અરજી પરત લઈ લીધી હતી.


ગરવી ગુજરાત
ગુજરાતી
JioTV
CHENNAL NO. 3010
TATA PLAY
CHENNAL NO. 2111
Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus
DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK
દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની માહિતી મેળવવા માટે આજે જ
ગરવી ગુજરાત ગુજરાતી ચેનલ નિહાળો

## તંત્રી લેખ......

### પાકિસ્તાન તરફથી ખતરો વધ્યો છે, અને આપણે જનરલ મુનીરથી સાવધ રહેવું જોઈએ

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૧૧ નવેમ્બરના રોજ ઈસ્લામાબાદમાં થયેલા આત્મઘાતી બોમ્બ વિસ્ફોટને આતંકવાદી હુમલો ગણાવ્યો હતો, પરંતુ એક દિવસ પહેલા દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા આત્મઘાતી જેહાદી બોમ્બ વિસ્ફોટ માટે શોક વ્યક્ત કર્યો હતો, તેને ફક્ત એક વિસ્ફોટ ગણાવ્યો હતો. દિલ્હીમાં થયેલા વિસ્ફોટને પાકિસ્તાનના પ્રતિબંધિત જેહાદી સંગઠન, જૈશ-એ-મોહમ્મદ સાથે જોડવામાં આવ્યો હતો. વિશ્વાસ કરવો મુશ્કેલ છે કે આ એ જ ટ્રમ્પ છે જેમણે ૨૦૧૮ માં લખ્યું હતું, "છેલ્લા ૧૫ વર્ષોમાં, અમેરિકાએ મૂર્ખતાપૂર્વક પાકિસ્તાનને ઈ૩૩ બિલિયનની સહાય પૂરી પાડી, ફક્ત જૂઠાણા અને છેતરપિંડી સિવાય કંઈ મેળવ્યું નહીં."

આ દરમિયાન, ઓપરેશન સિંદૂર દરમિયાન, પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ મુનીર કોઈક રીતે ટ્રમ્પનો સૂર બદલવામાં સફળ રહ્યા. હવે, તે તેમનો પ્રિય બની ગયો છે. એટલો પ્રિય કે, બધા સંમેલનોને અવગણીને, તેમને વ્હાઈટ હાઉસમાં આતિથ્ય આપવામાં આવ્યું, એક મહાન નેતા તરીકે પ્રશંસા કરવામાં આવી, અને ત્રણ મહિનામાં ત્રણ વખત મળ્યા. વિશ્વના સૌથી શક્તિશાળી રાષ્ટ્રના નેતા પાસેથી "મહાન" જેવા વિશેષણો સાંભળીને કોણ ગર્વ નહીં કરે? પ્રોત્સાહિત થઈને, મુનીર આર્મી ચીફથી ફિલ્ડ માર્શલ બન્યા. ભલે ભારત અને દુનિયાએ પાકિસ્તાનને પાઠ ભણાવવાનો પુરાવો માંગ્યો હોય, જનરલ મુનીરે પાકિસ્તાની લોકોને કે દુનિયાને કંઈ બતાવવાની જરૂર નથી. દરમિયાન, ટ્રમ્પે વારંવાર કહ્યું કે તેમણે ટેરિફની ધમકી આપીને લડાઈ બંધ કરી દીધી છે. ભારતના ઈનકાર છતાં, તેઓ અવિચલ રહ્યા. વધુમાં, યુએસ-ચાઈના આર્થિક અને સુરક્ષા સમીક્ષા કમિશન (યુએસ-ચાઈના) એ તેના અહેવાલમાં બેવડું નિવેદન આપ્યું. યુએસ કોંગ્રેસને સુપરત કરાયેલા અહેવાલમાં જણાવાયું છે કે ચીને, નકલી ઈન્ટરનેટ મીડિયા એકાઉન્ટ્સ અને એઆઈ છબીઓનો ઉપયોગ કરીને, તેના ત્ન-૩૫ ફાઈટર જેટને ફ્રેન્ચ રાફેલ જેટ કરતાં શ્રેષ્ઠ દર્શાવવા માટે "પ્રચાર અભિયાન" શરૂ કર્યું. બીજી તરફ, તેમાં કહેવામાં આવ્યું હતું કે આ સંઘર્ષમાં પાકિસ્તાનનો હાથ ઉપર હતો કારણ કે ચીન આ સંઘર્ષનો ઉપયોગ તેના શસ્ત્રોની ક્ષમતાઓનું પરીક્ષણ અને પ્રોત્સાહન આપવા માટે કરી રહ્યું હતું. પાકિસ્તાનની કઠપૂતળી સરકારના વડા પ્રધાન શાહબાઝ શરીફ માટે આ પૂરતું હતું. કબજા હેઠળના કાશ્મીરમાં એક કાર્યક્રમ દરમિયાન, તેમણે દાવો કર્યો હતો કે યુએસ કોંગ્રેસ સમક્ષ રજૂ કરાયેલા અહેવાલે પાકિસ્તાનની જીત સાબિત કરી છે. ભારતનો મુખ્ય વિરોધ પક્ષ, કોંગ્રેસ, આ અહેવાલનું ખંડન કરવાની માંગ કરી રહ્યો છે, પરંતુ ભારત સરકાર મૌન છે, કારણ કે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો હાલમાં નાજુક તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. મુનીરના પરિવાર દ્વારા ક્રિપ્ટોકરન્સી વેપારમાં વ્યવહારો અને દુર્લભ ખનિજો, તેલ અને અરબી સમુદ્રમાં બંદર માટેના પ્રસ્તાવોથી પ્રભાવિત થયેલા ટ્રમ્પે પાકિસ્તાન સાથે ટેરિફ ઘટાડી દીધા છે, પરંતુ ભારતની સ્વાયત્તતા, આત્મસન્માન અને રાષ્ટ્રીય હિતો હજુ પણ ભારત માટેની તેમની આકાંક્ષાઓમાં અવરોધરૂપ છે. ભારતે તેના વેપારી હિતો સાથે, ટ્રમ્પ તેમની સંપૂર્ણ વ્યવહારિક નીતિને કારણે અવગણી રહેલા તમામ પાસાઓ પર ગંભીરતાથી વિચાર કરવાની અને વ્યૂહરચના બનાવવાની જરૂર છેઃ આબોહવા પરિવર્તનની અસર, વિકાસશીલ દેશોના વેપાર અને રાજદ્વારી હિતો, નિયંત્રિત વૈશ્વિક વ્યવસ્થાની પુનઃસ્થાપના અને ઈન્ડો-પેસિફિકમાં પ્રાદેશિક સુરક્ષા. તેથી, પીએમ મોદીએ G-20 પ્રત્યે ટ્રમ્પની નારાજગી હોવા છતાં, જોહાનિસબર્ગ સમિટમાં હાજરી આપીને યોગ્ય કાર્ય કર્યું. ભારત આ સમયે પાકિસ્તાનમાં સત્તાના કેન્દ્રીકરણ અને જેહાદી હિંસાના બદલાતા સ્વભાવને અવગણી શકે નહીં. જનરલ પરવેઝ મુશર્રફે પોતાના જીવન પર હત્યાના પ્રયાસ પછી, ઈસ્લામાબાદની લાલ મસ્જિદ નજીક બે મદરેસાઓ પર દરોડા પાડવાનો આદેશ આપ્યો અને સ્વીકાર્યું કે મદરેસાઓ જેહાદી આતંકવાદના કારખાના બની ગયા છે.

## મુંબઈમાં ૭૨ વર્ષના વૃદ્ધ સાથે ૩૫ કરોડનું ફ્રોડ!

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મુંબઈમાં ફ્રોડનો એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. માટુંગા વેસ્ટના રહેવાસી ૭૨ વર્ષીય ભરત હરકચંદ શહાએ આરોપ લગાવ્યો છે કે, ગોરેગાંવ (પૂર્વ) સ્થિત ગ્લોબ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ નામની બ્રોકરેજ ફર્મે મારા વિશ્વાસનો ફાયદો ઉઠાવીને લગભગ ૩૫ કરોડનું નુકસાન કરાવ્યું છે. FIR પ્રમાણે કંપનીના કર્મચારીઓએ શહાને સુરક્ષિત ટ્રેડિંગની લાલચ આપીને તેનો વિશ્વાસ જીતી લીધો. પછી ચાર વર્ષ સુધી તેમના અને તેમની પત્નીના ડીમેટ ખાતાઓમાં તેમની જાણ વગર કરોડો રૂપિયાના વ્યવહારો થતા રહ્યા. કંપનીના પ્રતિનિધિઓ પાસે OTP થી લઈને ઈમેઈલ સુધીની ઍક્સેસ હતી અને શહાને તેમની ભનક પણ ન લાગવા દીધી.

ભરત શહા લગભગ છેલ્લા ત્રણ દાયકાથી માટુંગા વેસ્ટમાં રહે છે. તેઓ પાંચ દાયકાથી પરેલમાં એક ગેસ્ટ હાઉસ ચલાવે છે, જેમાં કેન્સરના દર્દીઓ અને તેમના પરિવારજનો ઓછા ભાડામાં રોકાય છે. ૧૯૮૪માં તેમના પિતાના નિધન પછી મોટી માત્રામાં શેર તેમના અને તેમની પત્નીના નામે ટ્રાન્સફર થયા હતા. જો કે, તેમને અને તેમની પત્નીને શેરબજારની સમજ નહોતી, તેથી ક્યારેય એક્ટિવ ટ્રેડિંગ ન કરી.

વર્ષ ૨૦૨૦માં એક મિત્રની સલાહ પર તેમણે ગ્લોબ કેપિટલ માર્કેટ્સ લિમિટેડમાં પોતાના અને તેમની પત્નીના ડિમેટ અને ટ્રેડિંગ ખાતું ખોલાવ્યું. વારસામાં મળેલા શેર આ જ કંપનીમાં ટ્રાન્સફર કરી દેવામાં આવ્યા. શરૂઆતમાં બધું સામાન્ય હતું. પછી કંપનીના પ્રતિનિધિઓએ સતત સંપર્કમાં આવવાનું શરૂ થયું અને શહાને વિશ્વાસ અપાવ્યો કે, ટ્રેડિંગ માટે અલગ રોકાણ કરવાની જરૂર નથી. શેર હોલ્ડ કરીને સુરક્ષિત રીતે ટ્રેડ કરી શકાય છે. તેમાં નિયમિત નફો મળશે અને કંપની તરફથી "પર્સનલ ગાઈડ" મળશે. સાથે શેર હોલ્ડ કરીને સુરક્ષિત રીતે ટ્રેડિંગ કરી શકાય છે. આ બહાને બે લોકો અક્ષય બારિયા અને કરણ સિરોયાને શહાના પોર્ટફોલિયોને મેનેજ કરવાના નામ પર તહેનાત કરવામાં આવ્યા. FIR પ્રમાણે આ બે પ્રતિનિધિઓ તેમને દરરોજ ફોન કરીને જણાવતા હતા કે કયો ઓર્ડર લગાવવાનો છે. થોડા સમય બાદ કંપનીના કર્મચારીઓ તેમના ઘરે આવીને લેપટોપથી ઈમેઈલ મોકલવા લાગ્યા. ધીમે-ધીમે પરિસ્થિતિ એટલી વણસી ગઈ કે દરેક OTP તેઓ જ નાખતા હતા, દરેક SMS અને ઈમેઈલ તેઓ જ ખોલતા અને તેનો જવાબ આપતા. શહાને માત્ર એ જ માહિતી આપવામાં આવતી જે તેમને આપવાની હતી. તેમના એકાઉન્ટનું સંપૂર્ણ કંટ્રોલ કંપની પાસે જતું રહ્યું.

માર્ચ ૨૦૨૦થી જૂન ૨૦૨૪ સુધી શહાને કંપની તરફથી જે વિગતો મળતી હતી, તમાં બધુ બરાબર દેખાડવામાં આવતું હતું. સ્ટેટમેન્ટમાં નફો દેખાડવામાં આવતો હતો, તેથી તેમને ક્યારેય શંકા ન ગઈ કે પડદા પાછળ બીજો જ ખેલ ચાલી રહ્યો છે. પરંતુ જુલાઈ ૨૦૨૪માં શહાને ગ્લોબ કેપિટલના રિસ્ક મેનેજમેન્ટ વિભાગથી ફોન આવ્યો અને જણાવ્યું કે તમારા અને તમારી પત્નીના ખાતામાં ૩૫ કરોડનું ડેબિટ બેલેન્સ છે. તમારે તે તાત્કાલિક ભરવું પડશે નહીં તો તમારા શેર વેચાઈ જશે. કંપનીમાં પહોંચ્યા પછી તેમને ખબર પડી કે તેમના ખાતાઓમાં ભારે ટ્રેડિંગ કરવામાં આવ્યું છે અને કરોડોના શેર વેચી દેવાયા છે અને અનેક વખત એક પાર્ટી સાથે Circular Trades થઈ છે.

અમદાવાદ-મુંબઈ, રાજકોટ-ગોંડલ-જેતપુર, અમદાવાદ-ઉદયપુર માર્ગોના પ્રગતિ હેઠળના કામો ઝડપથી પુરા કરાવવા કેન્દ્રિયમંત્રીશ્રીને મુખ્યમંત્રીશ્રીની રજૂઆત

# કેન્દ્રીય રાજમાર્ગ મંત્રી શ્રી નિતીન ગડકરીની અધ્યક્ષતામાં તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાતના નેશનલ હાઈવે પ્રોજેક્ટ સંદર્ભે ગાંધીનગરમાં સમીક્ષા બેઠક યોજાઈ



કેન્દ્રીય રાજમાર્ગ મંત્રી શ્રી નિતીન ગડકરીની અધ્યક્ષતા તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાતમાં નેશનલ હાઈવે પ્રોજેક્ટ હેઠળ થયેલી અને પ્રગતિ હેઠળની કામગીરીની વિસ્તૃત સમીક્ષા માટે ઉચ્ચ સ્તરીય બેઠક ગાંધીનગરમાં યોજાવામાં આવી હતી.

કેન્દ્રીય મંત્રીશ્રીએ આ બેઠકમાં અધિકારીઓ અને ઈજારદારોને સ્પષ્ટ તાકિદ કરી કે, રસ્તાઓની ગુણવત્તા ઉચ્ચ કક્ષાની હોય તથા નાગરિકોની સુવિધા અને સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા અપાય તે અતિ આવશ્યક છે. આ સંદર્ભમાં તેમણે કહ્યુ કે, નેશનલ હાઈવેના નિર્માણ અને રીસર્ફેસીંગમાં કોઈપણ પ્રકારની નિષ્કાળજી ચલાવી લેવાશે નહિ. એટલુ જ નહી, નક્કિ કરેલી સમય મર્યાદામાં રોડ નિર્માણના તમામ કાર્યો પૂર્ણ નહિ થાય અને નિષ્કાળજી જણાશે તો ઈજારદારને બ્લેકલિસ્ટ કરવા સુધીના કડક પગલા પણ લેવાશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકની ચર્ચાઓ દરમિયાન કેન્દ્રિય મંત્રીશ્રીને અનુરોધ કર્યો કે, નેશનલ હાઈવે પર રાજ્યમાં ૩૫ ટકાથી વધુનું ભારણ રહે છે એ સંદર્ભમાં આ હાઈવેઝની યોગ્ય મરામત થતી રહે અને જરૂર જણાયે વિસ્તૃતિકરણના કામો પણ NHAI કરતી રહે.

તેમણે ખાસ કરીને અમદાવાદ-મુંબઈ, રાજકોટ -ગોંડલ- જેતપુર, અમદાવાદ-ઉદેપૂર આ ત્રણ માર્ગોના પ્રગતિ હેઠળના કામો ઝડપથી પુર્ણ થાય તે જોવા પણ કેન્દ્રિય મંત્રીશ્રીને રજૂઆત કરી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રિય મંત્રીશ્રી ગડકરીજીને કરેલી રજૂઆત અંગે ત્વરિત પ્રતિસાદ આપતા શ્રી નીતિન ગડકરીજીએ ગુજરાતમાં NHAI હેઠળના હાઈવે સહિતના અન્ય પ્રોજેક્ટ માટે રૂ.૨૦ હજાર કરોડ કેન્દ્ર સરકાર તરફથી મંજૂર કરવાની ખાતરી આ બેઠકમાં આપી હતી. નેશનલ હાઈવે આથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ગુજરાતમાં નેશનલ હાઈવે પ્રોજેક્ટ અંતર્ગત અત્યાર સુધી થયેલી કામગીરી અને આગામી સમયમાં NHAI અને મીનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ દ્વારા હાથ ધરાનારા વિવિધ પ્રોજેક્ટ્સ અંગે પણ આ બેઠકમાં પ્રેઝન્ટેશન કરવામાં આવ્યુ હતું. ગુજરાતમાં આવેલા વિવિધ નેશનલ હાઈવેની વર્તમાન સ્થિતિ, રોડના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાના હતા, હાલમાં બાકીના કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે જેવા વિષયો પર ગહન ચર્ચા કરવામાં આવી હતી.

મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસે ગુજરાત સરકાર દ્વારા હાઈવેઝ અને માર્ગોની થઈ રહેલી કામગીરી અને કેન્દ્ર સરકાર સાથેના સંકલનની વિગતો આપી હતી. આ સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર શ્રી ડૉ. હસમુખ અઢીયા, સલાહકાર શ્રી એસ.એસ. રાઠૌર, અધિક મુખ્ય સચિવશ્રીઓ, અગ્ર સચિવશ્રીઓ તથા મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ, સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે અને કેન્દ્રીય રાજમાર્ગ મંત્રાલય તેમજ ગુજરાત સરકારના માર્ગ વિભાગ હેઠળ નેશનલ હાઈવે ડિવિઝન સહિત સંલગ્ન વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

VGRC કચ્છ-સૌરાષ્ટ્ર GI ટેગ ઉત્પાદનોને પ્રમોટ કરશે અને સ્થાનિક કારીગરોને સશક્ત કરશે

## કચ્છી ખારેક અને કેસર કેરીથી લઈને હસ્તકલા અને વણાટકામના કચ્છ અને સૌરાષ્ટ્રના ૧૦થી વધુ ઉત્પાદનોએ મેળવ્યો છે GI ટેગ

### VGRC નિકાસ ક્ષમતાઓમાં વધારો કરશે અને માનનીય વડાપ્રધાનશ્રીના 'વોકલ ફોર લોકલ' વિઝનને વેગ આપશે

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હંમેશાં દેશના સ્થાનિક અને વારસાગત ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપીને સ્થાનિક સમુદાયોને સશક્ત બનાવવાના ઉદ્દેશથી વડાપ્રધાનશ્રીએ 'વોકલ ફોર લોકલ' અભિયાનની શરૂઆત કરી છે.

વોકલ ફોર લોકલ અને આત્મનિર્ભર ભારત અભિયાનના ભાગરૂપે તેમણે GI (જિયોગ્રાફિકલ ઈન્ડિકેશન) ટેગવાળા ઉત્પાદનોને સક્રિયપણે પ્રોત્સાહન આપ્યું છે, અને આ ઉત્પાદનોને તેમણે સાંસ્કૃતિક વારસો, આર્થિક સશક્તિકરણ અને વૈશ્વિક માન્યતા સાથે જોડ્યા છે. તેઓ તેમના રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' પણ વારંવાર આ ઉત્પાદનોનો ઉલ્લેખ કર્યો છે અને કારીગરોને વ્યક્તિગત રીતે GI સર્ટિફિકેટ એનાયત કર્યા છે.

ઉલ્લેખનીય છે કે, માનનીય કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પિયૂષ ગોયલે 'વિકાસ ભી, વિરાસત ભી'ના વિઝન સાથે ૨૦૩૦ સુધીમાં ભારતમાં ૧૦,૦૦૦ GI (ભૌગોલિક સંકેત) ટેગ્સવાળા ઉત્પાદનો સુધી પહોંચવાનું લક્ષ્ય રાખ્યું છે. GI ટેગિંગ જેવી પહેલ દ્વારા રાજ્યના કારીગરો અને ખેડૂતોને વૈશ્વિક સ્તરે ઓળખ અપાવવા માટે, ગુજરાત કચ્છના પ્રખ્યાત કાપડથી લઈને સૌરાષ્ટ્રના પ્રિમિયમ ઉત્પાદનો સુધીના પોતાના વારસાને પ્રમોટ કરી રહ્યું છે, જેથી રાજ્ય વૈશ્વિક સ્તરે આત્મનિર્ભર બને. GI ઉત્પાદનોની જાળવણી અને તેમનું પ્રમોશન 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના સિદ્ધાંત પર ભાર મૂકે છે, જે સ્થાનિક ક્ષમતાઓને વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં પરિવર્તિત કરે છે.

કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારે અજરખ, બાંધણી, રોગન ક્રાફ્ટ પેઈન્ટિંગ, કચ્છી શાલ, કચ્છી ખારેક અને કેસર કેરી જેવા પ્રખ્યાત ઉત્પાદનો માટે GI ટેગ મેળવ્યા છે, જે સ્થાનિક કારીગરોનો વિકાસ કરે છે અને તેમને વૈશ્વિક ઓળખ આપે છે. રાજકોટમાં યોજાનારી આગામી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ કચ્છ-સૌરાષ્ટ્રના હસ્તકલા અને હાથવણાટ કારીગરોની સ્થાનિક શ્રેષ્ઠતા અને નિકાસ સંભાવનાને ઉજાગર કરવા માટે સજ્જ છે.

પરંપરા અને કલાત્મકતાથી સમૃદ્ધ, ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશોએ તેમના સાંસ્કૃતિક અને કૃષિ વારસાને રજૂ કરતા ઉત્પાદનો માટે ૧૦ થી વધુ GI માન્યતાઓ મેળવી છે. કચ્છના પ્રખ્યાત ઉત્પાદનોમાં ભરતકામ, અજરખ બ્લોક-પ્રિન્ટિંગ, બાંધણી ટાઈ-ડાય, રોગન ક્રાફ્ટ પેઈન્ટિંગ અને કચ્છી શાલનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, કૃષિ ઉત્પાદનની વાત કરીએ તો કચ્છી ખારેકને પણ GI ટેગ આપવામાં આવ્યો છે, જે તેના અદ્ભુત સ્વાદ અને પોષકતત્વોથી ભરપૂર ગુણવત્તા માટે પ્રખ્યાત છે. સૌરાષ્ટ્રના વિશિષ્ટ ઉત્પાદનોમાં ગીરની કેસર કેરી જે ગીર પ્રદેશમાં 'કેરીની રાણી' તરીકે વ્યાપકપણે ઓળખાય છે, જામનગરી બાંધણી અને રાજકોટ પટોળા રેશમ વણાટનો સમાવેશ થાય છે. આ જામનગરી બાંધણી અને રાજકોટની સાડીઓ ઘણી બોલિવુડ સેલિબ્રિટીના વોર્ડરોબમાં પણ સ્થાન પામી છે. વધુમાં, સુરેન્દ્રનગરની ટાંગલિયા શાલ પણ તેની વિશિષ્ટ કાપડ કલાનો નમૂનો છે, જેણે કલાના ઉત્સાહીઓનો આકર્ષિત કર્યા છે અને એક વૈશ્વિક માંગ ઊભી કરી છે.સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં યોજાનારી આગામી VGRC આ વિસ્તારની હસ્તકલા અને હાથવણાટ કારીગરોની ક્ષમતાને વેગ આપશે. આ બે દિવસીય કોન્ફરન્સ હેરિટેજ ક્ષેત્રના ઉદ્યોગસાહસિકો, કારીગરો, ઈન્ટિરિયર ડિઝાઈનર્સ અને પ્રોડક્ટ ડિઝાઈનર્સ માટે સરકારી ઈ-માર્કેટપ્લેસ, રોકાણકારો, ખાનગી સાહસો અને અગ્રણી ઈ-કોમર્સ પ્લેટફોર્મ સાથે સહયોગ કરવા માટે એક ગતિશીલ પ્લેટફોર્મ તરીકે સેવા આપે છે, જે નવીનીકરણ, બજારની પહોંચ અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપે છે.

## મહેસાણા અને કડીના બે ગૃહસ્થોને ડિજિટલ એરેસ્ટ કરીને ૩૦ લાખ પડાવી ઠગાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

મહેસાણા અને કડીના બે ગૃહસ્થોને અજાણ્યા ભેજાબાજોએ મની લોન્ડરીંગના કેસના મામલે ડિજિટલ એરેસ્ટ કરીને તેમને ભયમાં રાખી કુલ રૂપિયા ૩૦ લાખની રકમ પડાવી લઈ છેતરપિંડી આચરી હતી. આ અંગે મહેસાણા સાયબર પોલીસ મથકે અલગઅલગ નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે પોલીસે ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. વર્તમાન ડિજિટલ યુગમાં ભેજાબાજો દ્વારા અવનવા કાવતરા રચીને લોકોને ફસાવી છેતરપિંડી આચરવાના ગુનાઓમાં ચિંતાજનક વધારો થયો છે. આ પ્રકારની મોડસ ઓપરેન્ડી અપનાવીને કોઈ ગઠીયાઓએ કાવતરૂ રચીને વિડીયો કોલના માધ્યમથી મહેસાણા અને કડી પંથકના બે ગૃહસ્થોને ડીજીટલ એરેસ્ટ કરી કુલ રૂપિયા ૩૦ લાખની છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે. આ અંગે મહેસાણા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં જુદીજુદી બે ફરીયાદો નોંધાવવામાં આવતાં પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો દાખલ કર્યો હતો. સાયબર ક્રાઈમના પોલીસ ઈન્સ્પેક્ટર જે.જી.વાઘેલાએ જણાવ્યા અનુસાર મહેસાણા અને કડીના ગૃહસ્થોને જુદીજુદી બે ટોળકીના ગઠીયાઓએ વિડીયો કોલ કરીને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના નામે મની લોન્ડરીંગ અને સાયબર ક્રાઈમના નામે ભયમાં રાખીને ઠગાઈ આચરી હતી.જેમાં તા.૧૭ અને ૨૧ નવેમ્બરના રોજ કડીના ગૃહસ્થ પાસેથી ૧૦ લાખ અને મહેસાણાના ગૃહસ્થ પાસેથી ગુનાની પતાવટ કરવા તુમકો પૈસા ભરના પડેગા તેમ જણાવી રૂપિયા ૨૦ લાખ આરટીજીએસના માધ્યમથી મેળવીને આરબીઆઈ દ્વારા પરત પૈસા મળી જશે તેમ જણાવી છેતરપિંડી આચરી હોવાનું જાણવા મળે છે.

સરદાર સાહેબના જીવનની એક વિશેષ ઘટનાઃ 'બારડોલી સત્યાગ્રહ'

## વલ્લભભાઈ પટેલના સક્ષમ નેતૃત્વમાં 'બારડોલી સત્યાગ્રહ'ની સફળતાએ આપ્યું તેમને 'સરદાર'નું બિરુદ

### બ્રિટિશ સરકારે બારડોલી તાલુકામાં જમીન મહેસૂલમાં કરેલો ૩૦ ટકા જેટલો વધારો બન્યું સત્યાગ્રહનું મુખ્ય કારણ

ભારતના લોખંડી પુરુષ તરીકે ઓળખાતા સરદાર વલ્લભભાઈ પટેલના જીવનમાં અનેક વિશેષ ઘટનાઓ બની હતી, કે જેણે તેમને 'રાષ્ટ્રીય નેતા' તરીકે પ્રસ્થાપિત કર્યા. આ ઘટનાઓ પૈકી એક મહત્વપૂર્ણ ઘટના એટલે 'બારડોલી સત્યાગ્રહ'. વર્ષ ૧૯૨૮માં ગુજરાતના બારડોલી તાલુકામાં થયેલા આ સત્યાગ્રહે તેમને 'સરદાર'નું બિરુદ અપાવ્યું અને ભારતીય સ્વતંત્રતા આંદોલનમાં તેમની નેતૃત્વ ક્ષમતાને પ્રકાશિત કરી હતી.

વર્ષ ૧૯૨૮ની શરૂઆતમાં બ્રિટિશ સરકારે હાલના સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં જમીન મહેસૂલમાં ૨૨ થી ૩૦ ટકા સુધીનો વધારો જાહેર કર્યો હતો. આ સમય દરમિયાન અહી દુષ્કાળ અને આર્થિક મુશ્કેલીઓ ખૂબ જ હતી.

બ્રિટિશ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલો આ વધારો ખેડૂતો માટે અન્યાયી તથા અસહ્ય હોવાના કારણે ખેડૂતોએ તેનો સખત વિરોધ કર્યો અને વલ્લભભાઈ પટેલને આ આંદોલનનું નેતૃત્વ સોંપ્યું હતું. આ આંદોલનના ભાગરૂપે વલ્લભભાઈ પટેલે તા. ૧૨ ફેબ્રુઆરી, ૧૯૨૮થી નેતૃત્વ સંભાળી ખેડૂતોને એકત્ર કરીને કર ન ભરવાની પ્રતિજ્ઞા કરાવી હતી.

આ આંદોલનમાં વલ્લભભાઈ પટેલે ગાંધીજીના અહિંસા તેમજ સત્યાગ્રહના સિદ્ધાંતોને અનુસરીને ખેડૂતોને સંગઠિત કર્યા, ગામે-ગામ જઈને ખેડૂતોને આંદોલન માટે જાગૃત કર્યા, મહિલાઓ-યુવાનોને સામેલ કર્યા, ક્ષમતા પ્રમાણે કામની સોંપણી કરી અને બ્રિટિશ સરકારના દમન વિરુદ્ધ શાંતિપૂર્વક વિરોધ કર્યો હતો. આ આંદોલનનાં કારણે બ્રિટિશ સરકારે ખેડૂતોની જમીન જપ્ત કરીને તેમને જેલમાં મોકલ્યા હતા. જ્યાં તેમના પર ખૂબ જ હિંસા આચરવામાં આવી હતી. સરકાર દ્વારા અસહ્ય યતનાઓ આપવા છતાં વલ્લભભાઈ પટેલના મજબૂત નેતૃત્વ હેઠળ આંદોલન ચાલુ રહ્યું હતું. મહાત્મા ગાંધીજીએ વલ્લભભાઈ પટેલને 'સરદાર'નું બિરુદ આપ્યું હતું, ત્યારબાદ તેઓ સમગ્ર દેશના નાગરિકોના હદયમાં 'સરદાર'નું માનભર્યું સ્થાન પામ્યા હતા. સરદાર વલ્લભભાઈ પટેલની આગેવાનીમાં આ સત્યાગ્રહની સફળતાના પરિણામે ઓગસ્ટ ૧૯૨૮માં બ્રિટિશ સરકારે હાર માની અને મહેસૂલ વધારાને પાછો ખેંચ્યો હતો. આ ઉપરાંત ખેડૂતોને જેલમુક્ત કરીને જપ્ત કરેલી જમીનો પણ પરત કરી હતી. આમ, 'બારડોલી સત્યાગ્રહ' સરદાર પટેલના જીવનની એક મહત્વપૂર્ણ ઘટના છે, જેણે તેમને એકતા અને નેતૃત્વના પ્રતિક તરીકે સ્થાપિત કર્યા. આ ઘટના આજે પણ ખેડૂત આંદોલનો અને અહિંસક વિરોધના ઉદાહરણ તરીકે યાદ કરવામાં આવે છે. - જીગર બારોટ

૧ ડિસેમ્બરના રોજ જિલ્લા સ્તરીય ગીતા મહોત્સવનું આયોજન

## સંસ્કૃતના પ્રચાર પ્રસાર અને સંવર્ધન માટે મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં પંચકમ યોજનાની શરૂઆત

### રાજ્યના ૩૪ સ્થળોએ પ્રતિભાગીઓ ગીતાના શ્લોક અને સંસ્કૃત સુભાષિતોનું પારાયણ કરશે, ભગવદ ગીતા પર વ્યાખ્યાન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે

રાજ્યમાં સંસ્કૃત ભાષા અને સાહિત્યનાં વ્યાપક પ્રચાર-પ્રસાર દ્વારા પ્રાચીન ભાષા સંસ્કૃતને પ્રોત્સાહન આપવા તેમજ તેના સંવર્ધન માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા યોજના પંચકમની શરૂઆત કરવામાં આવી છે. તેમાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવ યોજના, સંસ્કૃત સંવર્ધન સહાયતા યોજના, સંસ્કૃત પ્રોત્સાહન યોજના, શ્રીમદ્ ભગવદ ગીતા યોજના અને શત શુભાષિત કંઠપાઠ યોજનાનો સમાવેશ થાય છે. આ પૈકી ભગવદ ગીતા યોજના અને શત સુભાષિત કંઠપાઠ યોજના અંતર્ગત પ્રતિભાગીઓને જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવશે.

૧ ડિસેમ્બર ૨૦૨૫ના ગીતા જયંતિના દિવસે રાજ્યમાં જિલ્લા કક્ષાઓ ૩૪ સ્થળોએ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા આ યોજનાઓ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત તમામ પ્રતિભાગીઓને પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવશે. તે સિવાય શ્રીમદ ભગવદ ગીતાના અધ્યાય ૧૨ અને ૧૫નું સામુહિક પારાયણ, લોકો માટે સંસ્કૃત પ્રદર્શની, ભગવદ ગીતા પર વ્યાખ્યાયન સહિતના કાર્યક્રમો યોજાશે. આગામી સમયમાં રાજ્ય કક્ષાના કાર્યક્રમ માટે યુનિવર્સિટી કક્ષાએ સંપૂર્ણ ગીતા કંઠપાઠ યોજનાની સમીક્ષા કરવામાં આવશે. સમીક્ષા દરમ્યાન શ્રીમદ્ ભગવદ્ ગીતા યોજના અને શત સુભાષિત કંઠપાઠ યોજનામાં પ્રતિભાગીઓ પાસેથી ઉચ્ચારણ અને કંઠપાઠ સંબંધિત શ્લોકોનો લયછંદ, ઉચ્ચારણની શુદ્ધતા, કંઠપાઠની નિપૂણતા, ભાવ - ભક્તિ અને આત્મવિશ્વાસ સાથેની પ્રસ્તુતિની સમીક્ષા કરવામાં આવે છે.

ગરવી ગુજરાત




- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહઃ સોનાનો વાયદો રૂ.૨૨૭ નરમ, ચાંદીનો વાયદો રૂ.૧૩૭૮ તેજ

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૭૭નો સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૧૯૨૦.૪૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૩૧૬૨૦.૦૩ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૭૭૭૨.૪૨ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૦૦૬૭ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૬૩૫૪૪.૮૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૧૯૨૦.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૩૧૬૨૦.૦૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૦૦૬૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૪૧૮.૧૧ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૭૭૭૨.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૫૫૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૫૯૧૦ અને નીચામાં રૂ.૧૨૫૨૮૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૫૯૩૧ના આગલા બંધ સામે રૂ.૨૨૭ ઘટી રૂ.૧૨૫૭૦૪ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૧૨ ઘટી રૂ.૧૦૧૩૧૬ થયો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪ વધી રૂ.૧૨૭૩૭ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૯ ઘટી રૂ.૧૨૫૬૦૫ થયો હતો. ગોલ્ડ-ટેન નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૫૫૯૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૫૮૧૯ અને નીચામાં રૂ.૧૨૫૨૯૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨૫૩૫૧ના આગલા બંધ સામે રૂ.૨૪૯ વધી રૂ.૧૨૫૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૬૦૬૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૩૯૭૪ અને નીચામાં રૂ.૧૬૦૨૬૨ના મથાળે અથડાઈ, રૂ.૧૬૧૨૭૨ના આગલા બંધ સામે રૂ.૧૩૭૮ વધી રૂ.૧૬૨૬૫૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧૬ ઘટી રૂ.૧૬૩૩૦૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૧૪૦ વધી રૂ.૧૬૩૩૪૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૧૨૬.૩૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો ૫૦ પૈસા વધી રૂ.૧૦૦૯.૧ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર વાયદો રૂ.૨.૪૫ ઘટી રૂ.૩૦૭.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૩૦ પૈસા વધી રૂ.૨૬૮.૭૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું નવેમ્બર વાયદો ૮૫ પૈસા વધી રૂ.૧૮૦.૪ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૦૧૫.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૦૬૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૦૮૩ અને નીચામાં રૂ.૩૦૬૬ના સ્તરને સ્પર્શી, રૂ.૨૨ વધી રૂ.૩૦૮૩ થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૨૧૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૭૭ અને નીચામાં રૂ.૫૨૧૨ના મથાળે અથડાઈ, રૂ.૫૧૯૩ના આગલા બંધ સામે રૂ.૭૭ વધી રૂ.૫૨૭૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૭૭ વધી રૂ.૫૨૭૧ થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૧ વધી રૂ.૪૧૦.૪ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૨.૧ વધી રૂ.૪૧૦.૪ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૮૯૮ના ભાવે ખૂલી, ૬૦ પૈસા વધી રૂ.૯૦૨.૮ના સ્તરે પહોંચ્યો હતો. કોટન ડિસેમ્બર વાયદો રૂ.૧૫૦ ઘટી રૂ.૨૫૧૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૩૦ના ભાવે ખૂલી, રૂ.૧ ઘટી રૂ.૨૬૭૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૮૧૬.૯૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૯૫૫.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૬૩૯.૪૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૧.૯૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬.૨૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૦૮.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૦.૮૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૧૪.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૯૦.૦૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૫.૦૧ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૩૧ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૬૧ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૬૧૯૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૧૫૦૪ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૮૪૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૦૨૧૪૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૧૪૬૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૪૧૪૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૨૧૧૦ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૨૪૩૭૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૯૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૬૪૮ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫૮૪૬ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૨૯૯૧૮ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૦૧૨૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૯૯૧૮ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૫૨ પોઈન્ટ વધી ૩૦૦૬૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૬.૯ વધી રૂ.૧૪૮.૧ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૩૦ પૈસા વધી રૂ.૨૬.૮ના ભાવે બોલાયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૫ ઘટી રૂ.૭૦૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૫૧.૫ વધી રૂ.૫૨૫૦ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૦૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૯ પૈસા ઘટી રૂ.૧૬.૦૪ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૦૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૬ પૈસા ઘટી રૂ.૩ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર રૂ.૫૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૯.૯ વધી રૂ.૧૭૪.૬૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર રૂ.૪૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૪૦ પૈસા વધી રૂ.૨૬.૯૫ થયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૧૨૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૯.૫ ઘટી રૂ.૩૨૮.૫ થયો હતો. ચાંદી-મિની ડિસેમ્બર રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૨૩ વધી રૂ.૫૫૫૪ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૭.૬ ઘટી રૂ.૧૩૬.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૦ પૈસા ઘટી રૂ.૨૭.૪૫ થયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩ ઘટી રૂ.૪૬૬.૫ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૯૨.૫ ઘટી રૂ.૩૮૨૦ના ભાવે બોલાયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૫ પૈસા વધી રૂ.૭.૭૨ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૨૯૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૭ વધી રૂ.૩.૪૬ના ભાવે બોલાયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૬.૯૫ ઘટી રૂ.૧૩૯.૨૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર રૂ.૪૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૦ પૈસા ઘટી રૂ.૨૭.૩૫ થયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૬.૫ ઘટી રૂ.૨૬૦ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ડિસેમ્બર રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૯૮ ઘટી રૂ.૩૫૩૦ના ભાવે બોલાયો હતો.

### સરદાર@૧૫૦ રાષ્ટ્રીય એકતા યાત્રાના બીજા દિવસે આસોદર ખાતે યોજાયેલી સરદાર ગાથામાં માનનીય પ્રવચનો

# જ્ઞાતિ, વર્ગ, ક્ષેત્ર કે ધર્મ પોતાના પૂર્વજોનું સન્માન નથી કરતો, તે ક્યારેય આગળ વધતો નથી : તમિલનાડુના રાજ્યપાલ શ્રી આર. એન. રવિ

### સરદાર પટેલ 'એક ભારત'ના શિલ્પી અને ગાંધીજીની શક્તિના આધારસ્તંભઃ કેન્દ્રીય રાજ્ય મંત્રીશ્રી એસ.પી. સિંગ બઘેલ




ભારત રત્ન સરદાર વલ્લભભાઈની સાર્ધ શતી શતાબ્દિ અનુસંધાને કરમસદથી નીકળેલી સરદાર@૧૫૦ પદયાત્રાના બીજા દિવસે આસોદર ખાતે યોજાયેલી સરદાર ગાથામાં સહભાગી બનેલા તમિલનાડુના રાજ્યપાલ શ્રી આર. એન. રવિએ જણાવ્યું કે, ભારત દેશ એક મહત્વપૂર્ણ તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વએ દેશને નવી ઊંચાઈએ લઈ જવામાં સફળતા હાંસલ કરી છે. તેમના નૈતિક અને વ્યવહારું નેતૃત્વએ સમગ્ર વિશ્વને નવી રાહ આપી છે.

રાષ્ટ્રીય એકતા પદયાત્રાના કાર્યક્રમ દરમિયાન, તામિલનાડુના રાજ્યપાલ શ્રી આર. એન. રવિએ આસોદર ખાતે પોતાના વક્તવ્યમાં સરદાર વલ્લભભાઈ પટેલના અપ્રતિમ યોગદાન પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સરદાર પટેલની કર્મ ભૂમિ થી શરૂ થઈને વિશ્વની સૌથી મોટી પ્રતિમા, સ્ટેચ્યુ ઑફ યુનિટી, એકતા નગર, કેવડીયા ખાતે પૂર્ણ થશે.રાજ્યપાલશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, જે જ્ઞાતિ, વર્ગ, ક્ષેત્ર કે ધર્મ પોતાના પૂર્વજોનું સન્માન નથી કરતો, તે ક્યારેય આગળ વધતો નથી. શ્રી રવિએ સરદાર પટેલને 'યુગ પ્રવર્તક' તરીકે ઓળખાવ્યા હતા. તેમણે સરદાર પટેલના ત્રણ મુખ્ય યોગદાનને યાદ કર્યાઃ દેશને આઝાદ કરાવવામાં મદદ, ૫૬૨ રિયાસતોનું ભારતમાં વિલય કરાવવું, અને અંગ્રેજી શાસન વિરુદ્ધ ખેડૂતોનું અત્યાર સુધીના ઈતિહાસનું સૌથી મોટું આંદોલન બારડોલીમાં કરવું. રાજ્યપાલશ્રીએ કહ્યું કે ગુજરાતના સરદાર સૌથી અસરદાર સરદાર છે, અને આ ઉપાધિ કોઈ પાર્ટીના કાર્યકર્તાઓએ નહીં, પરંતુ મહાત્મા ગાંધીએ નેહરુજીની હાજરીમાં આપી હતી, જે એક મોટી વાત છે. પ્રોફેસર તરીકે, તેમણે બિસ્માર્કના 'ધ પૉલિસી ઑફ બ્લડ ઍન્ડ આયર્ન'નો ઉલ્લેખ કર્યો, પરંતુ ભારતમાં જો કોઈને લોહ પુરુષ કહેવામાં આવે, તો બીજા કોઈને તે કહેવાનો નૈતિક અધિકાર નથી.

રાજ્યપાલે રિયાસતોના વિલયની જટિલતા સમજાવી કે કેવી રીતે રિયાસતો પાસે પોતાની સેના, તોપખાનું, ખજાનો અને પોલીસ હતી. તેમણે પ્રશ્ન કર્યો કે જો રિયાસતોનું વિલય ન થયું હોત, તો આઝાદી અડધી અધૂરી રહેત. સરદાર પટેલે બાય હુક ઍન્ડ બાય ક્રૂક જૂનાગઢ અને હૈદરાબાદના નિઝામ સહિત ૫૬૨ રિયાસતોનું વિલય કરાવ્યું. રાજ્યપાલે દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો કે જો કાશ્મીરની રિયાસતની જવાબદારી પણ સરદાર પટેલને મળી હોત, તો આજે ઘણી સમસ્યાઓનો હલ થઈ ગયો હોત.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા કેન્દ્રીય રાજ્ય મંત્રીશ્રી એસ. પી. સિંગ બઘેલે તેમના પ્રાસંગિક ઉદ્બોધનમાં સરદારને 'ભારતની એકતાના સૂત્રધાર, શિલ્પી અને મહાનાયક' તરીકે બિરદાવ્યા હતા.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દાયકાઓ સુધી સરદાર પટેલને પાઠ્યપુસ્તકોમાંથી ભૂલાવવાનો પ્રયાસ થયો હોવા છતાં, તેઓ દરેક ભારતીયના હૃદયની ધડકન છે. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો, જેમણે દિલ્હી આવ્યા પછીના પ્રથમ કાર્યક્રમોમાં સરદારની યાદો અને તેમની વિરાસતને પુનઃ જાગૃત કરવાનું કાર્ય કર્યું. મંત્રીશ્રીએ પદયાત્રામાં જોવા મળેલા અસાધારણ ઉત્સાહ અને ઊર્જાને બિરદાવી હતી.

તેમણે સરદાર પટેલના સર્વોચ્ચ યોગદાનની વાત કરતા કહ્યું કે, જો સરદાર ન હોત, તો આજે આપણે જે 'એક ભારત' જોઈ રહ્યા છીએ, તેનું સ્વરૂપ શું હોત તે કહેવું મુશ્કેલ છે. તેમણે સમજાવ્યું કે અંગ્રેજો જ્યારે ભારત છોડીને ગયા, ત્યારે તેમણે ૫૬૨ થી વધુ રિયાસતોને 'એક સ્વતંત્ર દેશ રાજ્ય' ઘોષિત કરીને છોડી હતી, જેનો અર્થ ભારતમાં ૫૦૦થી વધુ સ્વતંત્ર રાજ્યોની સંભાવના હતી. સરદારે માત્ર બે વર્ષથી પણ ઓછી અવધિમાં આ બધા રાજ્યોને અસાધારણ કુશળતા અને દૃઢતા સાથે એક કરીને 'પૂરા ભારતને એક' કરી દીધુ. તેમણે કહ્યું કે, સરદારના માર્ગમાં આવતી અડચણો ફક્ત રાજાઓ તરફથી જ નહોતી, પણ તત્કાલીન વડાપ્રધાન પણ હૈદરાબાદને 'બીજો દેશ' કહીને સૈન્ય કાર્યવાહી ટાળતા હતા, જે દર્શાવે છે કે સરદારને આંતરિક પડકારોનો પણ સામનો કરવો પડ્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સરદાર પટેલે મહાત્મા ગાંધીના સ્વતંત્રતા સંગ્રામમાં તેમની શક્તિ અને સામાન્ય લોકોમાં તેમની સાખને જાળવી રાખીને મજબૂત કરનાર વ્યક્તિ તરીકેનું કાર્ય કર્યું. તેમણે ભારપૂર્વક કહ્યું કે જો સરદાર ન હોત, તો કદાચ ગાંધીજીની વાર્તા અધૂરી રહી જાત. તેમણે ૧૯૧૭માં ગુજરાત સભામાં લવાયેલા ક્રાંતિકારી પરિવર્તનનું ઉદાહરણ આપી વધુમાં જણાવ્યું હતું કે, સરદારે 'વેઠ પ્રથા' (બંધુઆ મજૂર જેવી સેવાઓ) સામે સફળ આંદોલન ચલાવ્યું, જેના પરિણામે અંગ્રેજી શાસનને આ દમનકારી પ્રથા સમાપ્ત કરવી પડી.

મંત્રીશ્રીએ અસહયોગ આંદોલન દરમિયાન સરદારના અડગ નેતૃત્વને યાદ કર્યું. તેમણે કહ્યું કે, ગાંધીજીના માર્ગદર્શનને જમીન પર સાકાર કરવાનું કાર્ય સરદારનું હતું. ૧૯૨૨માં ચૌરી ચૌરાની ઘટના બાદ જ્યારે ગાંધીજીને છ વર્ષની સજા થઈ, ત્યારે જેલ જતાં તેમણે અન્ય કોઈ તરફ નહીં, પણ સરદાર તરફ જોઈને બધી જવાબદારી તેમને સોંપી હતી. સરદારે ગુજરાતીઓને આહવાન કરીને ગાંધીજીનો સત્યાગ્રહ, અસહયોગ, અને અંગ્રેજી વસ્તુઓ/ખિતાબો/અદાલતોનો બહિષ્કાર જારી રાખ્યો અને તેને 'ગુજરાતની કસોટી' ગણાવી. આ ઉપરાંત, જ્યારે નાગપુરના અંગ્રેજ મ્યુનિસિપલ કમિશનરે રાષ્ટ્રીય ધ્વજ (તિરંગા) સાથે માર્ચ કરવા પર પ્રતિબંધ લગાવ્યો, ત્યારે સરદારે ગુજરાતથી નાગપુર જઈને તે આંદોલનનું નેતૃત્વ સંભાળ્યું અને 'રાષ્ટ્રીય તિરંગા માર્ચ' સફળતાપૂર્વક યોજીને કુશળ નેતૃત્વનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.સરદાર સભાના પ્રારંભમાં નાયબ દંડક શ્રી જગદીશભાઈ મકવાણાએ સ્વાગત પ્રવચન કરી સરદાર ગાથાની રૂપરેખા આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન ગામના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દંડક શ્રી બાલકૃષ્ણ શુક્લ, સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી ચિરાગભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, અગ્રણીઓ શ્રી વિજયભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, દિલીપભાઈ પટેલ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સંસ્કારના પાઠ ભણાવતા હર્ષ સંઘવીએ ૨૦૧૩માં પીઆઈને જાહેરમાં લાફા ઝીંકયા હતાઃ ગોપાલ ઈટાલીયા



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં પોલીસ અને નેતાઓ વચ્ચેના ઘર્ષણનો મુદ્દો ફરી ગરમાયો છે, કોંગ્રેસના જિગ્નેશ મેવાણીના પોલીસ ના પટ્ટા ઉતરી જશે તેવા નિવેદન બાદ ભાજપે આક્રમક વલણ અપનાવ્યુ હતુ, પરંતુ હવે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ અને વિસાવદર ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ વળતો પ્રહાર કરતા નાયબ મુખ્યમંત્રી (ગૃહ) હર્ષ સંઘવીને ભીસમાં લીધા છે.

ગોપાલ ઈટાલીયાએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે બીજાને સંસ્કારના પાઠ ભણાવતા હર્ષ સંઘવીએ પોતે વર્ષ ૨૦૧૩ માં સુરતમાં ફરજ પરના પોલીસ ઈન્સ્પેકટરને લાફા ઝીંકી દીધા હતા, ગોપાલ ઈટાલીયાએ મીડીયા સમક્ષ પુરાવા રજુ કરતા દાવો કર્યો હતો કે ૨૦૧૪ લોકસભા ચુંટણી સમયે ભાજપે જયારે નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદ ના ઉમેદવાર જાહેર કર્યા હતા ત્યારે સુરતમાં ઉજવણી કરવામાં આવી હતી, આ દરમિયાન હર્ષ સંઘવી અને તેમના સમર્થકો દ્વારા જાહેર માર્ગ પર મંજુરી વિના ફટાકડા ફોડવામાં આવી રહ્યા હતા, જેના કારણે ટ્રાફીક જામ થતા કોઈ જાગૃત નાગરીકે ૧૦૦ નંબર પર પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોચેલી પોલીસ સાથે હર્ષ સંઘવીએ રકઝક કરી હતી અને મામલો એટલો ઉગ્ર બન્યો હતો કે સંઘવીએ તત્કાલીન પોલીસ ઈન્સ્પેકટરને જાહેરમાં ૪ થી ૫ લાફા મારી દીધા હતા.

ઈટાલીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે આ ઘટના બાદ રાજકીય વગનો ઉપયોગ કરીને ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીઆઈ અને પીએસઆઈની તાત્કાલીક બદલી કરાવી દેવામાં આવી હતી, માત્ર ૨૦૧૩ જ નહી, ગોપાલ ઈટાલીયાએ વર્ષ ૨૦૧૯ ની એક ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમના જણાવ્યા મુજબ સુરત નવી સીવીલ હોસ્પીટલમાં પણ હર્ષ સંઘવીએ સ્ટાફ સાથે ગેરવર્તન કર્યુ હતુ, હાલમાં હર્ષ સંઘવીના કાર્યાલયે પણ મીડીયાના મિત્રો સાથે આતંકવાદીઓ જેવો વ્યવહાર કરવામાં આવે છે. આમ ચોર કોટવાલને દંડે તેમ પોતે ચોખ્ખા હોવાની વાતો કરી રહ્યા છે ત્યારે સંઘવીએ પોતે પોતાની જાતને તપાસવી જોઈએ, હર્ષ સંઘવીએ હોસ્પીટલના એક કર્મચારીને ધમકી આપતા કહ્યુ હતુ કે મારી સામે સ્માર્ટ બનીશ નહી, નહીતર ટાંટીયા તોડીને હાથમાં આપી દઈશ, આમ મેવાણીના નિવેદન પર હોબાળો મચાવતુ ભાજપ હવે પોતાના જ નેતાના ભુતકાળના વર્તનને કારણે બચાવની મુદ્દામાં આવી ગયુ છે. આ વિવાદ આગામી દિવસોમાં વધુ ઉગ્ર બને તેવી શકયતા છે.

# ૫ હજાર થી વધુ કરોડના ટેક્ષ ચુકવ્યા પછીય નેશનલ હાઈવેની હાલત બિલકુલ બદતર : મુખ્યમંત્રી





પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

કેન્દ્રીય રોડ મંત્રી નિતીન ગડકરી ગઈકાલે ગુજરાતની મુલાકાતે આવ્યા હતા, આ મુલાકાત દરમિયાન ગુજરાતમાં નેશનલ હાઈવેની સ્થિતિને લઈને મુખ્યમંત્રી કક્ષાએથી વિશેષ ડોઝીયર આપવામાં આવ્યુ હતુ, જેમાં ગુજરાતના નેશનલ હાઈવેની હાલત અંગે રજુઆત કરવામાં આવી હતી, ગુજરાતના મોટા ભાગના નેશનલ હાઈવે, એકસપ્રેસ વે અને ગ્રીન ફીલ્ડ કોરીડોર ના કામો સાવ મંથર ગતિએ ચાલી રહ્યા છે. વરસોથી બની રહેલો નેશનલ હાઈવે નંબર ૪૮ હજુ પણ અધુરો છે, હિંમતનગર થી પસાર થતા અને ગુજરાતને દિલ્હી સાથે જોડતા આ હાઈવેની કામગીરીને લઈને લોકોમાં અસંતોષ છે, ત્યારે કેન્દ્રીય માર્ગ અને પરીવહન મંત્રી સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સાઈટ વિઝીટ કરી હતી, આ ઉપરાંત નવા બનેલા કેટલાક રોડ રસ્તા પણ તુટી ગયા છે અને જયાં સમારકામ કરાય ત્યાં ફરી ખાડા પડયા છે. ભારતમાલા અને જામનગર-અમૃતસર હાઈવેમાં કોન્ટ્રાકટરોએ કરેલા નબળી ગુણવત્તાના કામને કારણે સરકારની છાપ ખરાબ થઈ રહી છે, દરસ્ખાત કરાયેલા કેટલાક હાઈવેમાં જમીન સંપાદનની પ્રક્રિયા વળતરની સમસ્યાને કારણે ઘોંચમાં પડી છે, ઘણા હાઈવે પર મુસાફરોની સલામતીનુ ઓડીટ કરવુ પડે તેમ છે, કારણ કે ડીઝાઈનમાં ખામીને કારણે બ્લાઈન્ડ સ્પોર્ટસ વધુ હોવાથી અકસ્માત થાય છે. ગુજરાતમાં ઠેર ઠેર નેશનલ હાઈવેના થયેલા ધોવાણને લઈને ગુજરાતના લોકોમાં રોષ છે, આ સમગ્ર બાબતે મુખ્યમંત્રીએ કેન્દ્રીય મંત્રીને એક ડોઝીયર આપીને ગુજરાતમાં કામ ઝડપથી થાય માટે ચર્ચા કરી હતી. મુખ્યમંત્રી રાજયના અધિકારીઓ તથા એનએચએઆઈ ના અધિકારીઓ તે ઉપરાંત તેમજ રોડના કોન્ટ્રાકટરર્સ પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. ગુજરાતના હાઈવે પરના ટોલટેક્ષથી કેન્દ્રને વરસે ૫ હજાર થી વધુ કરોડ જેટલી આવક છે, છતાં રોડ રસ્તાની ગુણવત્તા યોગ્ય નથી. તે બાબત પણ દરમિયાન ચર્ચાઈ હતી. વધુમાં અમદાવાદ-વડોદરા, રાજકોટ-સોમનાથ, પાલનપુર, કચ્છ સહિતના હાઈવેના ખરાબ હાલ અને ત્યાં ચાલી રહેલા મંદગતિના સમારકામને લઈને રજુઆતો કરાઈ હતી.

# ધરમપુરમાં ગુજરાત સરકારની ત્રિદિવસીય ચિંતન શિબિરનો પ્રારંભઃ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સવારે વંદે ભારત ટ્રેનમાં વલસાડ જવા રવાના થયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વલસાડ જિલ્લાના ધરમપુર નજીક શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે આજે તારીખ ૨૭ થી શરૂ થતી ચિંતન શિબિર માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજયમંત્રી મંડળના સભ્યો તેમજ ઉચ્ચ અધિકારીઓએ આજે ગુરૂવારે વહેલી સવારે અમદાવાદ રેલ્વે સ્ટેશન ખાતેથી વંદે ભારત સુપરફાસ્ટ ટ્રેનમાં સામુહિક પ્રવાસરૂપે પ્રસ્થાન કર્યુ હતું. વલસાડથી તેઓ ધરમપુર બાયરોડ પહોચ્યા હતા, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજય વહિવટને વધુ નાગરીક કેન્દ્રીત બનાવી, તેની અસરકારકતામાં વધારો કરવાના હેતુથી વર્ષ ૨૦૦૩ થી ચિંતન શિબિરની શરૂઆત કરી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજય સરકારે આ પરંપરાને આગળ ધપાવતા પ્રશાસનીક સમયાનુરૂપ ટેકનોલોજી અને પારદર્શકતા સાથે સંવેદનશીલતાની નવી દિશા આપવા આ વરસે સામુહિક ચિંતનથી સામુહિક વિકાસ તરફની થીમ સાથે ચિંતન શિબિરની ૧૨ મી કડીનુ આયોજન કર્યુ છે. આ શિબિરમાં સહભાગી થવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત મંત્રી મંડળના સભ્યો તેમજ મુખ્ય સચિવ મનોજકુમાર દાસ સહિત રાજય સરકારના વરીષ્ઠ સચિવો તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ સૌ કોઈ પોતાના સરકારી વાહનને બદલે ભારતીય રેલ સેવાની વંદે ભારત સુપરફાસ્ટ ટ્રેનમાં સહપ્રવાસી બનીને અમદાવાદથી રવાના થયા હતા.



સૌરાષ્ટ્ર કચ્છની નગરપાલિકાઓમાં સૌથી વધુ બાકી સુરેન્દ્રનગર અને અમરેલી નગરપાલિકા બીજા ક્રમે

# સૌરાષ્ટ્ર-કચ્છ ની ૬૯ નગરપાલિકાઓ વીજ બીલ ભરવામાં વામણી પુરવાર: પીજીવીસીએલનુ રૂ.૪૦૦ કરોડનુ લેણું

પ્રતિનિધિ,ગાંધીનગર

સૌરાષ્ટ્ર કચ્છમાં ૬૧ લાખ થી વધુ વીજ ગ્રાહકોને સેવા આપતી પીજીવીસીએલ તંત્ર હાલમાં ગંભીર નાણાંકીય સંકટનો સામનો કરી રહ્યુ છે. પીજીવીસીએલના ૧૨ સર્કલ હેઠળ આવતી કુલ ૬૯ નગરપાલિકાઓમાંથી મોટા ભાગની નગરપાલિકાઓએ છેલ્લા એક બે વરસથી વોટરવર્કસ અને સ્ટ્રીટ લાઈટના વીજ બીલની ચુકવણી કરી નથી, જેના કારણે પીજીવીસીએલ સામે કુલ રૂપીયા ૩૯૮.૪૫ કરોડનુ બાકી લેણું ઉભુ થયુ છે, સામાન્ય વીજ ગ્રાહક થોડુ પણ લાઈટ બીલ મોડુ ભરે તો પીજીવીસીએલ તરત નોટીસ મોકલી કનેકશન કાપી નાખે છે પરંતુ બે વરસથી કરોડોનુ બીલ બાકી રાખનાર નગરપાલિકાઓ સામે પીજીવીસીએલ કોઈ દંડનાત્મક પગલા નથી ભરી રહ્યુ જેને કારણે તંત્રના બેવડા ધોરણો અંગે લોક ચર્ચા ઉઠી છે, આ ૬૭ નગરપાલિકાઓમાં રાજકોટ ગ્રામ્યની ૬ , પોરબંદરની ૭ , મોરબી ની ૫, જામનગર ની ૧૦, સુરેન્દ્રનગર ની ૬, અમરેલીની ૧૨, ભુજ ની ૪, અંજાર ની ૪, ભાવનગર ની ૬, બોટાદ ની ૩ અને જુનાગઢથી ૬ નગરપાલિકાઓએ છેલ્લા કેટલાક સમયથી સ્ટ્રીટ લાઈટ અને વોટરવર્કસનો વીજ વેરો ભર્યો જ નથી, સૌરાષ્ટ્ર -કચ્છની કુલ ૬૭ નગરપાલિકાઓમાંથી માત્ર જામ જોધપુર, ધોરાજી અને વાંકાનેર નગરપાલિકાઓએ જ સમયસર તમામ વીજ બીલ ચુકવ્યા છે, જયારે બાકીની ૬૪ નગરપાલિકાઓએ ૩૧ ડીસેમ્બર ૨૦૨૪ સુધીના કુલ રૂપીયા ૩૯૫ કરોડ બાકી રાખ્યા છે.

સૌરાષ્ટ્ર-કચ્છ ની નગરપાલિકાઓમાં બાકીદારો તરફ નજર કરીએ તો (૧) સુરેન્દ્રનગર- ૧૦૧.૩૬ કરોડ (૨) અમરેલી- ૯૧.૪૯ કરોડ (૩) અંજાર- ૭૦.૩૦ કરોડ (૪) ભુજ- ૬૪.૪૬ કરોડ (૫) પોરબંદર-૧૭.૫૯ કરોડ (૬) ભાવનગર-૧૭.૪૯ કરોડ (૭) મોરબી-૧૪.૦૭ કરોડ (૮) રાજકોટ ગ્રામ્ય-૮.૧૫ કરોડ (૯) જુનાગઢ- ૬.૫૧ કરોડ (૧૦) જામનગર- ૪.૯૧ કરોડ (૧૧) બોટાદ-૨.૧૦ કરોડ

ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં પીજીવીસીએલ અધિકારીએ જણાવ્યુ હતુ કે રાજયની નગરપાલિકાઓના બાકી વીજ બીલ અંગેનો પ્રસ્તાવ રીજીયોનલ કમિશ્નર ઓફ મ્યુનિસીપાલિટીઝ મારફતે રાજય સરકાર સુધી પહોચાડવામાં આવ્યો છે.

રાજય સરકાર પાસેથી




વ્યાજમુકત લોન મળ્યા બાદ તમામ નગરપાલિકાઓ બાકી રકમની ભરપાઈ કરશે, પીજીવીસીએલ ને આશા વ્યકત કરવામાં આવી છે કે વ્યાજમુકત લોનની મંજુરી મળતા જ નગરપાલિકાઓ નાણાંકીય વર્ષ પુરુ થાય તે પહેલા બાકી વીજ બીલની સંપૂર્ણ ચુકવણી કરી દેશે, આ પગલાથી વરસોથી અટવાઈ રહેલી બાકીદારોની સમસ્યા ઉકેલાઈ અને વીજ વિતરણ તંત્ર પરનો નાણાંકીય ભાર પર ગટશે તેવી અપેક્ષા છે.

# કર્મચારીની મંજુર રજા બાદ એક વરસની ગેરહાજરી રાજીનામુ ગણાય: હાઈકોર્ટ

## સરકારી સેવા નિયમો અંગે હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો : કર્મચારીને વ્યાજબી તક આપીને સેવા સમાપ્તનો નિર્ણય સરકાર કરી શકે

પ્રતિનિધિ,ગાંધીનગર

સરકારી સેવા નિયમો અંગેના એક મહત્વપૂર્ણ ચુકાદામાં ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યુ છે કે કોઈપણ રાજય કર્મચારી જે મંજુર રજા અથવા પરવાનગીની મુદત પુરી થયા પછી એક વરસથી વધુ સમય માટે ગેરહાજર રહે છે તેને સેવામાંથી રાજીનામુ આપ્યુ હોવાનુ માનવામાં આવશે, આ સંદર્ભમાં કોઈપણ ઔપચારીક આદેશ પસાર કરતા પહેલા આવા કર્મચારીને ફકત વ્યાજબી તક આપવી જરૂરી છે, જો કે કોર્ટે સ્પષ્ટ કર્યુ કે આવા કર્મચારીઓ વાસ્તવિક સેવાના સમયગાળા માટે પુનઃ સુનાવણીના બાકી લેણા માટે હકદાર રહે છે




ન્યાયાધીશ મૌલિક જે શેલાતે રાજય સરકારની અરજીને આંશિક રીતે મંજુરી આપતા ગુજરાત સીવીલ સર્વિસિસ (ટ્રીબ્યુનલ) ના આદેશમાં ફેરફાર કર્યો અને રાજય સત્તાવાળાને આરએમ મેધપરા, ભુતપૂર્વ શાળા શિક્ષક જે ૧ ડીસેમ્બર ૨૦૦૬ થી ૩૧ ડીસેમ્બર ૨૦૧૧ ના રોજ તેમની નિવૃત્તિ સુધી અનધિકૃત રીતે ગેરહાજર રહ્યા હતા, તેમના સંપૂર્ણ નિવૃત્તિ લેણાંની ગણતરી કરવાનો નિર્દેશ આપ્યો છે, લાંબી ગેરહાજરી પહેલા ૨૭ વરસની સેવા પુર્ણ કરી ચુકેલા મેધપરા ને ૧૬ જાન્યુઆરી ૨૦૧૩ ના રોજ ના આદેશમાં જિલ્લા શિક્ષણ અધિકારી જુનાગઢ દ્વારા ૧૩ જુન ૨૦૦૬ થી રાજીનામુ આપ્યુ હોવાનુ માનવામાં આવ્યુ હતું. અધિકારીએ સિધ્ધાંત પર આધાર રાખ્યો હતો કે રજા સમાપ્ત થયા પછી એક વરસ કરતા વધુ ગેરહાજરી આપમેળે રાજીનામુ આપવા સમાન છે, સુનાવણી દરમિયાન શિક્ષકના વકીલે દલીલ કરી હતી કે મેધપરા એ સ્વેચ્છિક નિવૃત્તિ યોજના માટે ઘણા અગાઉથી અરજી કરી હતી, પરંતુ વરસો સુધી અધિકારીઓ દ્વારા કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હતો, વીઆરએસ અરજી પેન્ડીંગ હોવાથી, વકીલે દલીલ કરી હતી કે ગેરહાજરીના સમગ્ર સમયગાળાને અનધિકૃત ગણી શકાય નહી, ગુજરાત સીવીલ સર્વિસિસ ટ્રીબ્યુનલે ડીઈઓ ના આદેશને રદ કર્યો હતો. જેના કારણે સરકારને હાઈકોર્ટમાં જવાની ફરજ પડી હતી.

કોર્ટે ૧ ડીસેમ્બર ૨૦૦૭ (છેલ્લી મંજુર રજા સમાપ્ત થયાના ૧ વરસ પછી ) થી ૧ વરસથી વધુ ગેરહાજરી રાજીનામુ માનવામાં આવે છે. તે કાનુની સ્થિતિને સમર્થન આપ્યુ હતું. પરંતુ ચુકાદો આપ્યો હતો કે મેધપરા ને પહેલાથી જ આપવામાં આવેલી ૨૭ વરસની લાયકાત સેવા માટે નિવૃત્તિ લાભોથી વંચિત રાખી શકાય નહી.

# મેવાણીના સમર્થનમાં આવ્યા ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણી: પોલીસ સામે ઉઠાવ્યા સવાલ: સુરતમાં ખુલ્લેઆમ ડ્રગ્સ, ગાંજાનુ વેચાણ થાય છે કયારે બંધ થશે? લેખિતમાં જવાબ આપો

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં દારૂ અને ડ્રગ્સ ખુલ્લેઆમ વેચાઈ રહ્યુ છે, તે મુદ્દે થરાદમાં જિગ્નેશ મેવાણીએ પોલીસ ઉપર કરેલા આકરા પ્રહાર અને પોલીસના પટ્ટા ઉતારી દેવાના નિવેદન અને મેવાણીના આ નિવેદન સામે પોલીસ પરીવારના દેખાવો, ગૃહમંત્રીનુ નિવેદન બાદ હાલમાં દારૂ ડ્રગ્સનો મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે, ત્યારે મેવાણીના સમર્થનમાં સુરતમાં ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીએ પણ ડ્રગ્સના ખુલ્લેઆમ વેચાણ મામલે વિપક્ષના સુરમાં સુર પુરાવ્યો હોવાની વાત ચર્ચામાં આવી છે, એક તરફ આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ સરકાર અને પોલીસ પર દારૂ અને ડ્રગ્સ બંધ કરાવવા મુદ્દે સરકાર પર આકરા પ્રહાર કરી રહી છે અને હવે જનતા પણ મેવાણીના સમર્થનમાં રેલી યોજી દારૂ ડ્રગ્સના



દુષણ સામે અવાજ ઉઠાવી રહી છે ત્યારે હવે ખુદ ભાજપના જ ધારાસભ્યએ પણ વિપક્ષના સુરમાં સુર પુરી સરકારને પત્ર લખી ને જાહેરમાં થઈ રહેલા દારૂ ડ્રગ્સના વેચાણ મામલે ફરીયાદ કરી પોલીસની કામગીરી સામે સવાલો ઉભા કર્યા છે. સુરતમાં ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીએ સુરત મ્યુનિસીપલ કમિશ્નરને પત્ર લખીને કરેલી રજુઆતમાં જણાવ્યુ હતુ કે સુર્યપુર ગળનાળાથી પ્રાણી સંગ્રાહલય સરથાણા જકાતનાકા સુધીના ઓવરબ્રીજ નીચે તેમજ વલ્લભાચાર્ય રોડ પરના ડીવાઈડરની વચ્ચે મોટા પ્રમાણમાં વસ્તી રહે છે, અહીં જેસીબી, ટ્રક, ટેમ્પા જેવા મોટા વાહનોનુ પાર્કિંગ થતુ હોય તેની પાછળ અફીણ, ગાંજો અને ડ્રગ્સનુ ખુલ્લેઆમ ખુબ જ મોટા પ્રમાણમાં વેચાણ થઈ રહ્યુ છે અને ડ્રગ્સનુ મોટાપાયે સેવન પણ થઈ રહ્યુ છે અને ગંદકીભર્યા આ વિસ્તારમાં ગોરખધંધા થઈ રહ્યા છે. જે ખુબ જ ગંભીર બાબત છે, આ બાબતે અગાઉ પણ અનેકવાર રજુઆતો થયેલી છે, સામાજિક સંસ્થાઓ દ્વારા પણ આ વાત ધ્યાનપર મુકવામાં આવી હોવા છતાં કોઈ નિવેડો આવ્યો નથી. ત્યારે કામ પોલીસ વિભાગ અને સુરત મહાનગરપાલિકા દ્વારા સંયુકત રીતે સંકલન કરી કાયમી ધોરણે અહીંથી આ ન્યુસન્સ દુર કરવા જણાવી કેટલા દિવસમાં ઉકેલ આવશે તેનો લેખિતમાં જવાબ માંગતા આ પ્રકરણ ભારે ચર્ચામાં આવ્યુ છે. આમ વરસોથી અહીં ખુલ્લેઆમ ડ્રગ્સનુ વેચાણ થતુ હોવાની અને પોલીસ નિષ્ક્રિય હોવાની ગંભીર બાબત સપાટી ઉપર આવી છે જેની કોઈ વિપક્ષ નહી પણ ભાજપના ધારાસભ્યએ પોલ ખોલી નાખી છે અને જવાબ પણ માંગ્યો છે. આ શહેર નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનુ શહેર કહેવાય છે, ત્યારે હવે આ મામલે કેવા એકશન લેવાશે તેતો સમય જ કહેશે. મહત્વનુ છે કે ગુજરાત રાજય ડ્રગ્સનુ હબ બન્યુ છે અને ડ્રગ્સના કારોબાર ને ખતમ કરવામાં સરકાર નિષ્ફળ નિવડી છે. રાજયમાં આજે દરીયાકાંઠાના વિસ્તારોથી આંતરરાજય ડ્રગ્સની સપ્લાય ચેઈના ખુલાસા પણ થઈ ચુકયા છે. આજે દારૂની જેમ ચરસ, ગાંજો અને ડ્રગ્સ પીલ્સ સહિત નશીલા દ્રવ્યોના યુવાઓ બંધાણી બન્યા છે. પાર્ટીઓમાં પણ મોકલવામાં આવે છે. આવી ગંભીર પરીસ્થિતિનુ નિર્માણ થયુ હોવા છતાંય સરકાર ડ્રગ્સમુકત ગુજરાતના નારા લગાવી રહી છે. પણ વાસ્તવિક સ્થિતિ જુદી છે અને રાજયમાં દારૂ અને ડ્રગ્સ માફીયાઓ બેફામ બન્યા છે. ત્યારે નવી પેઢીનુ ભવિષ્ય દાવ ઉપર લાગ્યુ છે.

# ભાવનગર મંડળમાં હર્ષોલ્લાસપૂર્વક ઉજવાઈ પ્રખ્યાત કવિ શ્રી હરિવંશ રાય બચ્ચનજીની જયંતી




પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં તારીખ ૨૭.૧૧.૨૦૨૫ (ગુરૂવાર)ના રોજ મહાન હિન્દી સાહિત્યકાર તથા પદ્મભૂષણથી સન્માનિત કવિ શ્રી હરિવંશ રાય બચ્ચનજીની જન્મજયંતી હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવી. આ અવસરે મંડળમાં એક ગૌરવપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મોટી સંખ્યામાં અધિકારીઓ તથા કર્મચારીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

કાર્યક્રમની શરૂઆત મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા જી દ્વારા દીપ પ્રજ્વલિત કરવા તથા બચ્ચનજીના ચિત્ર પર પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી. સેમિનારમાં ત્રણ કર્મચારીઓ અને એક અધિકારીએ બચ્ચનજીના જીવનવૃતાંત, સાહિત્યિક યોગદાન અને મુખ્ય રચનાઓ પર તેમના સારગર્ભિત વિચારો રજૂ કર્યા. તેમજ તેમની પ્રસિદ્ધ કાવ્ય રચનાઓનું પઠન કરીને હાજર જનસમૂહને મંત્રમુગ્ધ કરી દીધા.


કાર્યક્રમ દરમિયાન શ્રી હરિવંશ રાય બચ્ચનજીના જીવન અને કૃતિઓ પર આધારિત પ્રશ્નોત્તરી સ્પર્ધાનું પણ આયોજન કર્યું, જેમાં યોગ્ય જવાબ આપનાર પ્રતિભાગીઓને સ્થળ પર જ પુરસ્કૃત કરવામાં આવ્યા. વક્તાઓને પણ સ્મૃતિચિહ્ન આપીને સન્માનિત કરવામાં આવ્યા. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા તથા અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્માએ આ આયોજનની પ્રશંસા કરી હતી તથા સાહિત્યિક કાર્યક્રમો દ્વારા હિન્દી ભાષાના સંવર્ધન અને સાહિત્યિક જાગૃતિના પ્રસારમાં પ્રેરણાદાયી યોગદાનની વાત કરી. કાર્યક્રમનું સંચાલન વરિષ્ઠ અનુવાદક શ્રી પરેશ બી. મજીથિયા દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું. આ અવસરે અપર મુખ્ય રાજભાષા અધિકારીએ જણાવ્યું કે આવા કાર્યક્રમો રાજભાષા હિન્દીના પ્રયોગ અને પ્રસારમાં પ્રોત્સાહન આપે છે. તેમણે ભવિષ્યમાં પણ આવા પ્રેરક અને ઉપયોગી કાર્યક્રમો નિયમિત રીતે આયોજિત કરવાના આગ્રહ કર્યો.

તારીખ ૨૭.૧૧.૨૦૨૫ના રોજ મંડળ રાજભાષા અમલીકરણ સમિતિ ભાવનગરની ત્રિમાસિક બેઠક પણ મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા જીની અધ્યક્ષતા અને અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્મા જીની હાજરીમાં યોજાઈ. બેઠકમાં તમામ શાખા અધિકારીઓ, તમામ સહાયક મંડળ ઈજનેરો તથા સ્ટેશન રાજભાષા અમલીકરણ સમિતિના તમામ અધ્યક્ષોએ ભાગ લીધો. આ બેઠકમાં છેલ્લા ત્રણ મહિનામાં તમામ વિભાગોમાં થયેલા હિન્દી કાર્યની સમીક્ષા કરવામાં આવી. કાર્યક્રમના સફળ આયોજન માટે રાજભાષા વિભાગની વિશેષ પ્રશંસા કરવામાં આવી.

# અરવલ્લી જિલ્લાના મોડાસાની કોલેજની વિદ્યાર્થીનીને બિભત્સ મેસેજ કરનાર લંપટ પ્રોફેસરની ધરપકડ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અરવલ્લી જિલ્લાના મોડાસામાં કોલેજમાં એક પ્રોફેસર દ્વારા વિદ્યાર્થીનીને બિભત્સ માંગણી કરતા મેસેજ કરવામાં આવ્યા હતા આ મામલે કોલેજમાં વિદ્યાર્થીઓ દ્વારા ઉગ્ર રીતે વિરોધ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આ લંપટ પ્રોફેસરની પોલીસે ધરપકડ કરી હતી. મળતી માહિતી અનુસાર ગઈ કાલે અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસામાં આવેલી એન્જીનીયરીંગ કોલેજના પ્રોફેસર મનિષ ચૌહાણે એક અઠવાડીયામાં ત્રણ વિદ્યાર્થીનીઓને બિભત્સ માંગણી કરતા અલગ અલગ મેસેજ કરવામાં આવ્યા હતા. આરોપી



મનીષે પ્રથમ વર્ષની વિદ્યાર્થીનીઓ પાસે બિભત્સ માંગણી કરતા મેસેજ કર્યા હતા. આ સાથે તેણે વિદ્યાર્થીનીને પાસ કરાવી આપવાની લાલચ પણ આપી હતી. ત્યારબાદ આ સમગ્ર ઘટનાની જાણ વિદ્યાર્થીઓને થતા તેઓએ કોલેજ પરીસરમાં ઉગ્ર રજુઆત કરી હતી. આ સાથે વિદ્યાર્થીઓ દ્વારા કોલેજમાં હોબાળો મચાવી પ્રોફેસર સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી, આ મામલે કોલેજના આચાર્ય દ્વારા કડક કાર્યવાહીની બાંહેધરી આપવામાં આવતા મામલો શાંત પડયો હતો.

આ અંગે પોલીસ મથકે છેડતીની ફરીયાદ નોંધાઈ હતી. ત્યારબાદ પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરતા તાત્કાલીક ધોરણે એન્જીનીયરીંગ કોલેજના પ્રોફેસર મનિષ ચૌહાણની ધરપકડ કરી લેવામાં આવી હતી. ફરીયાદ નોંધાયા બાદ મોડાસા ટાઉન પોલીસે ગણતરીના કલાકોમાં જ આ લંપટ પ્રોફેસરને ઝડપી લીધો હતો.

# રાજસ્થાન બાદ ગુજરાત ભાજપનુ માળખુ તૈયાર: ગણતરીના મહિનાઓમાં સંગઠનની કરાશે જાહેરાત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં પ્રદેશ પ્રમુખ પદે લગભગ ૫ વરસ બાદ સીઆર પાટીલના સ્થાને જગદીશ વિશ્વકર્માની નિયુકિત બાદ હવે જિલ્લા અને મહાનગરમાં પણ પ્રમુખ બાદ સંગઠન માળખાની રચના અને પ્રદેશ કક્ષાએ પણ ટીમ જગદીશ વિશ્વકર્માની રચનાની રાહ જોવાય છે અને માનવામાં આવે છે કે રાષ્ટ્રીય કક્ષાએ પણ આજ પ્રકારની પ્રક્રિયા થશે તે વચ્ચે આજે ભાજપ મોવડી મંડળે રાજસ્થાનમાં ભાજપની નવી ટીમની જાહેરાત કરી છે,



રાજસ્થાન ભાજપના પ્રદેશ પ્રમુખ મદન રાઠોડે જાહેર કરેલા નામોને ૯ ઉપાધ્યક્ષ, ૪ મહામંત્રી અને ૭ મંત્રીઓની નિયુકિત કરી છે, તથા કોષાધ્યક્ષ અને મીડીયા સોશીયલ મીડીયા પ્રભારીની પણ નિયુકિત કરી છે, અગાઉ તારીખ ૨૨ સપ્ટેમ્બરે રાજસ્થાન ભાજપના નવા પ્રદેશ પ્રમુખ નિયુકત કરાયા હતા જયારે ગુજરાતમાં નવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના નામની જાહેરાતના ૪ ઓકટોબર ના રોજ કરવામાં આવી હતી, આમ રાજસ્થાન બાદ હવે ગુજરાતમાં પણ વિશ્વકર્માની ટીમ જાહેર થઈ શકે છે, જો કે ગુજરાતમાં જિલ્લા / મહાનગર પ્રમુખોની નિયુકિત થઈ છે અને તેની ટીમ પણ બાકી છે, તો હાલમાં જ પ્રદેશ કક્ષાએથી આ અંગે સેન્સ લેવા માટે નિરીક્ષકો મોકલાયા હતા, તેઓનો રીપોર્ટ પણ પ્રદેશ પ્રમુખ પાસે પહોચી ગયો છે.

શ્રી વિશ્વકર્માએ પહેલા ઝોન વાઈઝ અને બાદમાં જિલ્લા કક્ષાના પ્રવાસો પણ પુરા કર્યા છે અને હાલ એસઆઈઆર મુદ્દે વિવિધ વિસ્તારોનો પ્રવાસ કરી રહ્યા છે. માનવામાં આવે છે કે ટીમ ગુજરાતની પહેલા રચના થશે અને પછી જિલ્લા / મહાનગરોમાં ટીમની જાહેરાત થશે. આમ રાજસ્થાનની જાહેર થતા ગુજરાતનો નિર્ણય પણ પક્ષ પ્રમુખ જે પી નડ્ડા જાહેર કરે તેવી શકયતા નકારાતી નથી. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી અંગે પણ હજુ સ્થિતિ સ્પષ્ટ નથી.

# સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા-વડાલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદ: ખેડુતો બન્યા ચિંતિત

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં ભર શિયાળાની ઋતુમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો છે અને જિલ્લાના ખેડબ્રહ્મા અને વડાલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી વરસાદ વરસતા ખેડુતોમાં ચિંતાનો માહોલ ફેલાયો છે. કડકડતી ઠંડી વચ્ચે વડાલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત ખેડબ્રહ્મા તાલુકાના આગીયા અને ખેરોજ આજુબાજુના વિસ્તારોમાં માવઠુ થયુ હતું. વરસાદથી વડાલી તાલુકાના મહોર, હાથરવા , બાબસર, માલપુર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં માવઠુ નોંધાયુ હતું. આ કમોસમી વરસાદને કારણે ખેડુતો મુશ્કેલીમાં મુકાયા



છે, ખેતરોમાં શાકભાજી સહિત રોકડીયા પાકની વાવણી ચાલી રહી છે. ત્યારે આ વરસાદ નુકશાન પહોચાડી શકે છે. જિલ્લામાં કપાસ, શાકભાજી અને ઘઉં સહિતના પાકોનુ વિપુલ પ્રમાણમાં વાવેતર થયુ છે, શિયાળાની ઋતુમાં ચોમાસા જેવો માહોલ સર્જાતા આ પાકોને નુકશાન થવાની ભીતી સેવાઈ રહી છે. જેના કારણે જગતનો તાત ચિંતિત બન્યો છે, કમોસમી વરસાદ સાથે વાદળછાયુ વાતાવરણ રહેતા વીઝીબીલીટી ઘટી ગઈ છે, જેના કારણે વાહન ચાલકોને પણ પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

# ગ્રામ પંચાયતોના ઓડીટને લઈને પંચાયત વિભાગનો મોટો આદેશ: દસ્તાવેજો રજુ નહી કરનાર કર્મચારીઓ સામે થશે કાર્યવાહી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયની ગ્રામ પંચાયતોના ઓડીટ અને પેન્ડીંગ પેરાના મુદ્દે ગુજરાતના પંચાયત વિભાગ દ્વારા એક મહત્વનો પરીપત્ર જાહેર કરવામાં આવ્યો છે જેનાથી ગ્રામ પંચાયતના કર્મચારીઓમાં ખળભળાટ મચી જવા પામ્યો છે, ગ્રામ પંચાયતોના ઓડીટ માટે જરૂરી દસ્તાવેજો સમયસર રજુ ન થવાના કારણે ઓડીટ પેરા પેન્ડીંગ રહે છે, આ પેન્ડીંગ પેરાનો મુદ્દો અવાર નવાર વિધાનસભા સુધી પહોચતો હોવાથી ગંભીર સ્થિતી સર્જાય છે, પંચાયત વિભાગે પોતે જ આ પરીસ્થિતિની ગંભીરતા સ્વીકારી છે.




પંચાયત વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા પરીપત્રમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યુ છે કે હવેથી ગ્રામ પંચાયતોએ ઓડીટ માટે તમામ આવશ્યક દસ્તાવેજો સમયસર રજુ કરવા પડશે, જો કોઈ કર્મચારી દ્વારા જરૂરી દસ્તાવેજો રજુ કરવામાં આવશે નહી અથવા તેમાં વિલંબ કરવામાં આવશે તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે, આ મામલે પંચાયત વિભાગે તાલુકા વિકાસ અધિકારીને સીધી સુચના આપી છે કે જે કર્મચારીઓ ઓડીટ માટેના જરૂરી દસ્તાવેજો રજુ કરવામાં બેદરકારી દાખવે, તેમની સામે નિયમોનુસાર તાત્કાલીક પગલા લેવામાં આવે, આ નિર્ણયથી ગ્રામ પંચાયતોમાં હિસાબી પારદર્શિતા જળવાઈ રહે અને ઓડીટ પ્રક્રિયા ઝડપી બને તેવો સરકારનો ઉદેશ છે.